" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 297 | AD - 2026, Ashadh Sud -4 | Sunday, Dt. 02-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આ ઈંધણના ઉપયોગથી વાહનોની માઈલેજ ઘટે છે, એન્જિન પર વધારાનો બોજ : અરવિંદ કેજરીવાલ

# ઈ-૨૦ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ સામે કેજરીવાલ પીએમ નિવાસસ્થાને કૂચ કરશે

**અમેરિકાનું દબાણ કારણભૂત હોવાનુ કેજરીવાલનો દાવો**

નવી દિલ્હી,તા.૦૧

આમ આદમી પાર્ટી (આપ) ના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકારની ઈ૨૦ (૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલ નીતિ સામે આક્રમક વલણ અપનાવ્યું છે. કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે આયોજિત નેશનલ ટાઉન હોલ કાર્યક્રમ દરમિયાન તેમણે જાહેરાત કરી હતી કે તેઓ મંગળવારે સવારે ૧૧ વાગ્યે ૧૦૦ લોકોના પ્રતિનિધિમંડળ સાથે ઈ૨૦ પેટ્રોલ સામેની જાહેર અરજી સુપરત કરવા વડાપ્રધાનના નિવાસસ્થાને કૂચ કરશે. કેજરીવાલે દાવો કર્યો હતો કે આ કાર્યક્રમ ઓનલાઈન માધ્યમથી આશરે ૭ લાખ લોકોએ નિહાળ્યો હતો, જે એ વાતનો સ્પષ્ટ પુરાવા છે કે ઈ૨૦ નીતિ દેશના સામાન્ય નાગરિકો માટે ગંભીર ચિંતાનો વિષય બની ગઈ છે.

ટાઉન હોલ દરમિયાન વાહનચાલકો અને સામાન્ય નાગરિકોની ચિંતાઓને વાચા આપતાં કેજરીવાલે સરકાર સમક્ષ ત્રણ પ્રમુખ માંગણીઓ રજૂ કરી હતીઃ

જેમા દેશના તમામ પેટ્રોલ પંપ પર ગ્રાહકોને ઈ૨૦ અથવા શુધ્ધ(ઈથેનોલ મુક્ત) પેટ્રોલ પસંદ કરવાનો સ્પષ્ટ વિકલ્પ



મળવો જોઈએ.અને જો સરકાર ઈ૨૦ નો ઉપયોગ પ્રોત્સાહિત કરવા માંગતી હોય, તો તેની કિંમત શુધ્ધ પેટ્રોલ કરતાં નોંધપાત્ર રીતે ઓછી રાખવી જોઈએ.

ત્રીજી માંગમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાનો લાભ સામાન્ય જનતાને આપીને દેશમાં પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર રૂ.૮૪ થી ઓછો કરવો જોઈએ.

અરવિંદ કેજરીવાલે ઈ૨૦ નીતિના ગંભીર ગેરફાયદા ગણાવતા જણાવ્યું હતું કે આ ઈંધણના ઉપયોગથી વાહનોની માઈલેજ ઘટે છે, એન્જિન પર વધારાનો બોજ પડે છે અને ગ્રાહકોનો ખર્ચ વધે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ઈથેનોલ પ્લાન્ટ્સના કારણે જે-તે વિસ્તારના ભૂગર્ભજળ પર પણ પ્રતિકૂળ અસરો પડી રહી છે, જ્યારે સ્થાનિક ખેડૂતોને આ નીતિથી કોઈ અપેક્ષિત આર્થિક લાભ મળી રહ્યો નથી.

કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે ભારત સરકાર રાષ્ટ્રીય હિતોને બાજુ પર મૂકીને અમેરિકા સાથેના વેપાર કરારના દબાણ હેઠળ ઈ૨૦ નીતિ દેશવાસીઓ પર લાદી રહી છે. ભારત-અમેરિકા કરાર મુજબ આગામી પાંચ વર્ષમાં $૧૦૦ બિલિયનની આયાતમાંથી આશરે ૨૦ ટકા જેટલી રકમ (લગભગ $૨૦ બિલિયન) માત્ર ઈથેનોલ ખરીદી પાછળ ખર્ચાશે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે જો દેશના વડાપ્રધાન બાહ્ય દબાણ હેઠળ નિર્ણયો લેતા હોય અને જનહિત જાળવવામાં અસમર્થ હોય, તો તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ. તેમણે દેશના તમામ વાહનચાલકો અને મધ્યમ વર્ગને આ અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યું હતું.

# પેપર લીક વિરોધી કાયદાના સુધારાને રાષ્ટ્રપતિની મંજૂરી મળતા માફિયાઓને ત્રણ મહિનામાં જ મળશે સજા

નવી દિલ્હી,તા.૦૧

રાષ્ટ્રપતિએ જાહેર પરીક્ષા (અયોગ્ય સાધનોની અટકાયત) સુધારા બિલને મંજૂરી આપી દીધી છે, જેનાથી પેપર લીક કરનારાઓ સામે કાનૂની શિકંજો વધુ મજબૂત બન્યો છે.

નવા કાયદા હેઠળ પેપર લીકના કેસોનો ઉકેલ ત્રણ મહિના (૯૦ દિવસ)માં લાવવાનો રહેશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે આ સુધારાનો હેતુ પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા અને વિશ્વસનીયતા લાવી પેપર



લીકના સમગ્ર નેટવર્કને નાબૂદ કરવાનો છે.

નવા કાયદાની મુખ્ય જોગવાઈઓઃ કડક સજાઃ અગાઉની ૩ થી ૫ વર્ષની સજા વધારીને હવે ૫ થી ૧૦ વર્ષ સુધીની કરવામાં આવી છે. ભારે દંડની રકમ રૂ.૧૦ લાખથી વધારીને રૂ.૧૦ કરોડ સુધી કરવામાં આવી છે. કેસોની

**ઝડપી તપાસ માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના થશે, બે મહિનામાં તપાસ પૂર્ણ કરાશે**

ઝડપી તપાસ માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના થશે અને ૨ મહિનાની અંદર તપાસ પૂર્ણ કરવી ફરજિયાત રહેશે. દરેક રાજ્યમાં ફાસ્ટ-ટ્રેક કોર્ટ સ્થાપીને દૈનિક સુનાવણી હાથ ધરવામાં આવશે. જેથી પેપર લીક કરનારાઓએ ઝડપથી સજા મળી શકે.

# પ્રધાનમંત્રી મોદીએ આંધ્રના ભોગાપુરમમાં વિવિધ પ્રોજેક્ટ અને એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યુ

વિજયનગર,તા.૦૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશના વિજયનગરમના ભોગાપુરમ ખાતે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરી તેમને રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. તેમણે નવનિર્મિત ભોગાપુરમ એરપોર્ટનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું કે આ પ્રોજેક્ટ્સ આંધ્રપ્રદેશની રોડ કનેક્ટિવિટી અને ઉર્જા સુરક્ષાને સુધારી યુવાનોના ભવિષ્ય માટે લોન્ચપેડ સાબિત થશે. NDA



સરકારે આ નવા એરપોર્ટનું નામ મહાન આદિવાસી ક્રાંતિકારી અલ્લુરી સીતારામ રાજુના નામ પર રાખવાનો નિર્ણય કર્યો છે.

પોતાના સંબોધનમાં વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે દેશ સતત વાદળી અર્થતંત્ર (બ્લુ ઈકોનોમી) ને મજબૂત બનાવી રહ્યો છે.

સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારને આર્થિક કોરિડોર તરીકે વિકસાવવાના વિઝન સાથે વિશાખાપટ્ટનમથી કૃષ્ણપટ્ટનમ સુધીના બંદરોનું આધુનિકીકરણ અને મુલાપેટા તથા રામાયપટ્ટનમમાં નવા બંદરોનું નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત, વિશાખાપટ્ટનમમાં નવા સેમિકન્ડક્ટર પ્લાન્ટનો શિલાન્યાસ ભવિષ્યવાદી ટેક ઉદ્યોગો તરફ એક મોટું પગલું છે.

કાર્યક્રમ દરમિયાન ૧૩,૦૦૦ થી વધુ આદિવાસી મહિલાઓ દ્વારા રજૂ કરાયેલા પરંપરાગત 'ધીમસા નૃત્ય'ના સાંસ્કૃતિક વિશ્વ રેકોર્ડની પણ વડાપ્રધાને પ્રશંસા કરી હતી. તેમણે મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુના વિઝનને બિરદાવતા આંધ્રપ્રદેશની ઝડપી પ્રગતિની સરાહના કરી હતી.

### મુઝફ્ફરાબાદ સહિતના વિસ્તારોમાં મોડી રાત સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રહ્યા

# પીઓકેમાં સેના સામે જનતાનો આક્રોશ, ચાર દિવસમાં ૫૦ થી વધુ લોકોના મોત

નવી દિલ્હી,તા.૦૧

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) માં હાલાત સતત વણસી રહ્યા છે. મૂળભૂત અધિકારો અને સ્થાનિક માંગણીઓને લઈને રસ્તા પર ઉતરેલા શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સેના અને સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી હિંસક કાર્યવાહીમાં છેલ્લા ચાર દિવસમાં ૫૦ થી વધુ લોકોના મોત થયા છે અને સેંકડો નાગરિકો ઘાયલ થયા છે. જોઈન્ટ આવામી



એક્શન કમિટીના જણાવ્યા અનુસાર, મુઝફ્ફરાબાદ સહિતના વિસ્તારોમાં મોડી રાત સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રહ્યા હતા.

અમેરિકા સ્થિત માનવાધિકાર સંગઠન 'હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન' (એચઆરએફ) એ નિઃશસ્ત્ર નાગરિકો પર પાકિસ્તાની સૈન્ય દ્વારા કરવામાં આવેલા બળપ્રયોગની સખત નિંદા કરી છે. એચઆરએફ અનુસાર, પાકિસ્તાની સુરક્ષા દળોએ હજારો પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો હતો અને પુરાવા છુપાવવા માટે હોસ્પિટલોમાંથી મૃતદેહો હટાવી કાર્યકરોની અટકાયત કરી હતી.

આ સાથે, યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટીના અધ્યક્ષ સરદાર શૌકત અલી કાશ્મીરીના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ના અધિકારીઓ સાથે બેઠક યોજી પીઓકેની ગંભીર પરિસ્થિતિથી માહિતગાર કર્યા હતા. બીજી તરફ, પાકિસ્તાનમાં પણ વિરોધનો સૂર ઉઠ્યો છે. લાહોર પ્રેસ ક્લબ બહાર પીઓકેના લોકો સાથે એકજુટતા દર્શાવવા અને સૈન્ય અત્યાચારની નિંદા કરવા એકઠા થયેલા પ્રદર્શનકારીઓની પોલીસે અટકાયત કરી હતી. આંતરરાષ્ટ્રીય સમુદાય પાસે પીઓકેમાં માનવ અધિકારોના રક્ષણ માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરવામાં આવી રહી છે.

# પપ્પુ યાદવ સામે સંતના વેશમાં વિરોધ કરવા બદલ પોલીસ ફરિયાદ નોંધાઈ


નવી દિલ્હી,તા.૦૧

રામ મંદિરના દાનમાં કથિત ગડબડ અંગે સંસદ સંકુલમાં ભગવા વસ્ત્રો પહેરીને વિરોધ પ્રદર્શન કરનાર પૂર્ણિયાના સાંસદ પપ્પુ યાદવ સામે દિલ્હીના જહાંગીરપુરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદી સૂર્યા મૈથિલે આરોપ લગાવ્યો છે કે પપ્પુ યાદવે વિરોધ દરમિયાન ધાર્મિક પ્રતીકો અને ભગવા વસ્ત્રોનું અપમાન કરીને સનાતનીઓની લાગણી દુભાવી છે. આ વિરોધમાં 'ઈન્ડિયા' ગઠબંધનના અન્ય વિપક્ષી નેતાઓ પણ જોડાયા હતા. ફરિયાદીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને દિલ્હી પોલીસ પાસે આ મામલે જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માગ કરી છે.









# લાંચના આક્ષેપ વચ્ચે માર્ગ મકાન વિભાગના અધિક મદદનીશ ઈજનેર સસપેન્ડ

અમરેલી,તા.૦૧

અમરેલી તાલુકા પંચાયતમાં અગાઉ ફરજ બજાવી ચૂકેલા અને હાલમાં ખાંભા ખાતે માર્ગ મકાન વિભાગમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા તુષાર એ. કેસરિયાને ગ્રામ પંચાયતના વિકાસ કામોને લગતા આક્ષેપોના પગલે તાત્કાલિક અસરથી ફરજ પરથી હટાવવામાં આવ્યા છે. ગ્રામ પંચાયતના વિકાસ કામોના માપપુસ્તકના રેકોર્ડ અને કામોના બિલોને મંજૂરી આપવા માટે અનાધિકૃત રીતે નાણાંની માંગણી કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈ જિલ્લા પંચાયત દ્વારા પ્રાથમિક તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન રજૂ થયેલી વિગતોના આધારે અધિકારી સામે ફરજ પ્રત્યેની નિષ્ઠા અને પ્રામાણિકતાના પાલનમાં પ્રથમ નજરે ખામી જોવા મળ્યાનું નોંધવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ અરજદાર ભાવનાબેન નાથાલાલ સુખડિયાએ ૧૧ મેના રોજ લેખિત રજૂઆત કરી હતી. ત્યારબાદ તપાસ અધિકારીની નિમણૂક કરીને



સમગ્ર મામલાની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ અધિકારીએ ૨૫ મેના રોજ પોતાનો અહેવાલ સોંપ્યો હતો. અહેવાલમાં સરકારી કર્મચારી તરીકે અપેક્ષિત આચરણ અંગે ગંભીર પ્રશ્નો ઉભા થતા આગળની કાર્યવાહી જરૂરી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. સાથે જ સરકારી દસ્તાવેજોમાં કોઈ પ્રકારની ચેડાં થવાની અથવા તપાસને અસર પહોંચે તેવા સંજોગો ઉભા થવાની શક્યતા પણ ધ્યાનમાં લેવામાં આવી હતી. આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા વિકાસ અધિકારી કે. જે. જાડેજાએ તુષાર એ. કેસરિયાને તાત્કાલિક અસરથી ફરજ પરથી હટાવવાનો આદેશ કર્યો છે. સમગ્ર મામલે આગળની વિભાગીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ૩૬ ગામોના ૭૯ વિકાસ કામોના બિલો અટવાતા વિવાદ

ખાંભા ખાતે ફરજ બજાવતા અધિક મદદનીશ ઈજનેર તુષાર કેસરીયા સામે વિકાસ કામોની ફાઈલો દબાવી રાખવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. હંગામી કર્મચારી હોવા છતાં તેણે ૩૬ ગામોમાં થયેલા જુદા જુદા ૭૯ વિકાસ કામોની ફાઈલો લાંબા સમય સુધી અટકાવી રાખતા બે માસથી સંબંધિત કામોના નાણાંનું ચુકવણું થઈ શક્યું નહોતું. દેવળીયા ગામમાં ભાવનાબેન સરપંચ હતા તે સમયના વિકાસ કામોની ફાઈલો પણ ગુમ થતાં બિલોની પ્રક્રિયા અટકી ગઈ હતી. આ મામલે ટીડીઓએ નોટિસ પાઠવી સ્પષ્ટતા માંગતા તુષાર કેસરીયાએ ફાઈલો પોતાની પાસે નથી તેવો જવાબ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.

**ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, દિનેશભાઈ ભુવા સહિત બસ સ્ટેશન ચોકના વેપારીઓની હાજરીમાં**

# અમરેલીના બસ સ્ટેન્ડ ચોકમાં વૃક્ષારોપણથી હરિયાળીનો સંદેશ અપાયો

અમરેલી,તા.૦૧

અમરેલીના બસ સ્ટેન્ડ ચોક ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન કૌશિકભાઈ વેકરીયા, દિનેશભાઈ ભુવા તેમજ બસ સ્ટેન્ડ ચોકના વેપારીઓએ વિવિધ પ્રકારના




વૃક્ષોના રોપાઓનું વાવેતર કર્યું હતું. ઉપસ્થિત સૌએ હરિયાળું અને સ્વચ્છ શહેર નિર્માણ માટે વધુમાં વધુ વૃક્ષો વાવવાની અપીલ કરી હતી. વૃક્ષો માત્ર પર્યાવરણનું જતન જ નથી કરતા પરંતુ પ્રદૂષણ ઘટાડવા અને આવનારી પેઢીને સ્વચ્છ વાતાવરણ આપવા માટે પણ મહત્વપૂર્ણ હોવાનું જણાવાયું હતું. વેપારીઓએ પણ પોતાના વિસ્તારમાં નિયમિત રીતે વૃક્ષોની સંભાળ રાખવાની જવાબદારી સ્વીકારી હતી. કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાઈ હતી અને શહેરને હરિયાળું બનાવવા સૌએ સહભાગી બનવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

**વેપારીઓએ વૃક્ષો વાવી પર્યાવરણ જાળવવાનો સંકલ્પ કર્યો**

# દામનગરની સવાણી પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમાની ભક્તિભાવથી ઉજવણી

દામનગર,તા.૦૧

દામનગર ખાતે આવેલી સવાણી પ્રાથમિક શાળા (શાળા નં. ૨)માં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી ગુરુવંદના સાથે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુના મહિમા પર વક્તવ્ય, કાવ્યો અને ભક્તિગીતો રજૂ કર્યા હતા. ગુરુપૂર્ણિમા નિમિત્તે વિદ્યાર્થીઓએ શિક્ષકોને તિલક કરી પુષ્પ અર્પણ



કરીને આશીર્વાદ મેળવ્યા હતા. શિક્ષકોએ ગુરુનું આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક મહત્વ સમજાવી જીવનમાં ગુરુના માર્ગદર્શનનું મહત્વ સમાજાવ્યુ હતું.

# અમરેલીમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ૯ ઓગસ્ટે યોગ શિબિરનું આયોજન

**સરદાર પટેલ રમત સંકુલ ખાતે સવારે ૬ વાગ્યાથી કાર્યક્રમ**

અમરલી,તા.૦૧

અમરેલીમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે એક્ટિવિટીઝ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ શ્રેણીમાં તા. ૯ ઓગસ્ટના રોજ ચિત્તલ રોડ સ્થિત સરદાર પટેલ રમત સંકુલ ખાતે વિશેષ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ સવારે ૬ વાગ્યાથી શરૂ થશે. યોગના સંદેશને જન-જન સુધી પહોંચાડવા અને સ્વસ્થ જીવનશૈલી માટે લોકોને પ્રેરિત કરવાનો આ શિબિરનો મુખ્ય હેતુ છે. શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ટ્રેનરો, કોચ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાશે. જિલ્લા વહીવટી તંત્રએ વધુમાં વધુ લોકો યોગ શિબિરમાં ઉપસ્થિત રહી યોગને દૈનિક જીવનનો ભાગ બનાવવા અપીલ કરી છે.

**સ્થાનિક પોલીસ અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી નહી**

# અમરેલીમાં ટ્રાફિક સમસ્યા માથાના દુઃખાવારૂપ બનતા લોકોમાં રોષ

અમરેલી,તા.૦૧

અમરેલી શહેરમાં આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. કેરીયા રોડ, ટાવર રોડ, શાક માર્કેટ અને હરી રોડ સહિતના વિસ્તારોમાં વાહનોના અનિયંત્રિત પાર્કિંગથી વાહનચાલકો અને



રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારોમાં ટ્રાફિક નિયંત્રણ માટે TRB જવાનો અને ટ્રાફિક જમાદારોની ફરજ મુકવામાં આવી હોવા છતાં સમસ્યામાં ખાસ ઘટાડો જોવા મળતો નથી.આ બાબતે સ્થાનિક પોલીસ અધિકારીને વારંવાર રજૂઆત કરવામાં આવતી હોવાછતાં ટ્રાફિકને લઈ પોલીસ દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. કેરીયારોડ પર રસ્તાની એકબાજુ સદંતર બંધ હોય, આ અંગે ઘણા સમયથી રજૂઆત હોવા છતા કોઈપણ પ્રકારની કામગીરી થતી ન હોય પોલીસ પાસે કામગીરીની શું આશા રાખવી તેવો સવાલ ઉઠવા પામ્યો છે.

**જયાં ‘વાડ જ ચીભડા ગળે’ ત્યાં ટ્રાફિક નિયમનની શું આશા રાખવી? તેવો સવાલ**

# જાફરાબાદ શહેર ભાજપ કિસાન મોરચાના નવા હોદ્દેદારોની નિમણૂંક

જાફરાબાદ,તા.૦૧

જાફરાબાદ શહેર ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચાના સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવા માટે નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે.

નવી ટીમની જાહેરાત બાદ સંગઠનમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. જાફરાબાદ શહેર ભાજપ કિસાન મોરચાના પ્રમુખ તરીકે ભીમજીભાઈ માયાભાઈ ચૌહાણની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે આતુભાઈ સુરાભાઈ બારૈયા અને હરેશભાઈ છગનભાઈ સોલંકીને મહામંત્રી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. નવનિયુક્ત હોદ્દેદારોએ સંગઠનને વધુ મજબૂત બનાવવા અને ખેડૂતોના પ્રશ્નોને પ્રાથમિકતા આપીને કાર્ય કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

નિમણૂક પ્રસંગે રાજકીય, સામાજિક અને સંગઠનના આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, અમરેલી જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરિયા તેમજ જાફરાબાદ શહેર ભાજપ પ્રમુખ સંદીપભાઈ શિયાળ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને આગેવાનો હાજર રહ્યા હતા.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓએ ગુજરાત શૂટિંગ ચેમ્પિયનશિપમાં ૧૧ મેડલ મેળવ્યા

અમરેલી,તા.૦૧

અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાયેલી ૬૨મી ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં રાજ્યભરના પ્રતિભાશાળી શૂટર્સ વચ્ચે અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા, અમરેલીની ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું



છે. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસના ખેલાડીઓએ કુલ ૧૧ મેડલ પ્રાપ્ત કર્યા હતા, ખેલાડીઓએ કોચ પુલકિતા નિમ્બાવાલા તથા ટ્રેનર હેમેન્દ્રભાઈ ઝાલાના માર્ગદર્શનમાં આ સફળતા હાંસલ કરી છે. આ સિધ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડીઓ, કોચ અને ટ્રેનરને અભિનંદન પાઠવીને શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.









હિરેન હિરપરાની રજૂઆતના પગલે

# અમરેલીના ખેડૂતોને ૪ ટકા બાકી વ્યાજ સહાયની ચૂકવણી શરૂ

અમરેલી,તા.૦૧

તાજેતરમાં પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા દ્વારા થયેલી રજૂઆત બાદ રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બેંકમાંથી પાક ધિરાણ મેળવનાર ખેડૂતોને ૪ ટકા વ્યાજ સહાય ચૂકવવા માટે અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને ૫૧ કરોડથી વધુની રકમ ફાળવી છે. બેંક દ્વારા વિવિધ શાખાઓને રકમની ફાળવણી શરૂ કરવામાં આવી હોવાથી ટૂંક સમયમાં લાભાર્થી ખેડૂતોના ખાતામાં સહાય જમા થશે.

આ નિર્ણયથી અમરેલી જિલ્લાના હજારો ખેડૂતોને સીધો લાભ મળશે અને ખેતી માટે આર્થિક રાહત મળશે.



રાજ્ય સરકારના આ નિર્ણયને આવકારી ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેન હિરપરાએ ભુપેન્દ્રભાઈ પટેલ, હર્ષભાઈ સંઘવી અને જીતુભાઈ વાઘાણીનો આભાર વ્યક્ત કર્યો હતો.




**વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ.૫૧ કરોડની બાકી સહાય પાક ધિરાણ લેનાર ખેડૂતોના ખાતામા જમા થવાની શરૂઆત થઈ**

# અમરેલીમાં રોટરી ક્લબ ઓફ (ગીર) દ્વારા હોમિયોપેથીક અવેરનેસ સેમિનાર યોજાયો

**ડો. જીતેન્દ્ર પટેલે હોમિયોપેથી સારવાર અંગે માર્ગદર્શન આપ્યું**

અમરેલી,તા.૦૧

અમરેલી ખાતે રોટરી ક્લબ ઓફ અમરેલી (ગીર) દ્વારા હોમિયોપેથીક અવેરનેસ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હોમિયોપેથી તબીબ ડો. જીતેન્દ્ર પટેલે ઉપસ્થિતોને હોમિયોપેથીના સર્વાંગી અભિગમ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે હોમિયોપેથી માત્ર રોગ નહીં પરંતુ દર્દીની સંપૂર્ણ સ્થિતિને ધ્યાનમાં રાખીને સારવાર કરે છે અને



ઘણા હઠીલા તેમજ વારંવાર થતા રોગોમાં અસરકારક પરિણામ આપે છે. ફેશિયલ એનાલિસિસ દ્વારા પણ વિષયને સરળ રીતે સમજાવવામાં આવ્યો હતો. આજની વ્યસ્ત જીવનશૈલી, તણાવ અને હોર્મોનલ અસંતુલનના કારણે વધતી સમસ્યાઓમાં હોમિયોપેથી ઉપયોગી સાબિત થઈ શકે છે. અનેક તકલીફોમાં હોમિયોપેથી સારવારથી સારા પરિણામો મળતા હોવાનું જણાવ્યું હતુ.

# મહેશ કસવાળાએ ગોઢાવદરના મારુતિ સરોવરમાં નવા નીરના વધામણાં કર્યા



લીલીયા,તા.૦૧

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે મારુતિ સરોવરમાં નવા નીરના વધામણાંનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ કસવાળા ગ્રામજનો સાથે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સરોવરના નવા નીરની જળપૂજા કરી હતી તેમજ વિસ્તારના સુખ, સમૃધ્ધિ, સારા વરસાદ અને ખેડૂત સમૃધ્ધ બને તેવી પ્રાર્થના કરી હતી.

# અમરેલી જિલ્લાના ૧૧૫ ગામોના તળાવો છલકાયા, કૌશિક વેકરીયાએ વધામણા કર્યા

અમરેલી,તા.૦૧

અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકાના ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરવાની હાથ ધરાયેલી જળસંચય પહેલના પરિણામે વરસાદી પાણીનો સારો સંગ્રહ થયો છે અને અનેક તળાવો નવા નીરથી છલકાઈ ઊઠ્યા છે. રાજ્યના કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ બરવાળા બાવળ, બાંટવા દેવળી, વડિયા, ઢૂંઢિયા પીપળીયા, ખાન ખીજડીયા, મોરવાડા અને ખજૂરી ગામોની મુલાકાત લઈને ગ્રામજનો સાથે નવા નીરના વધામણા કર્યા હતા. તેમણે જણાવ્યું કે ગામદીઠ ૬૦૦ કલાક હિટાચી મશીનથી તળાવો ઊંડા કરાતા વરસાદી પાણીનો સંગ્રહ વધ્યો છે, જેના કારણે ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળશે.



તેમણે જણાવ્યું કે પાણીનો આ સંગ્રહ સમગ્ર જીવસૃષ્ટિ માટે પણ લાભદાયી બનશે. વડીયા ખાતે 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ ૨ હજાર વૃક્ષો વાવવા સ્થળ નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે જિલ્લામાં કુલ ૫૧ હજાર વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. કાર્યક્રમમાં જનપ્રતિનિધિઓ, અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લાઠીમાં ખોવાયેલું ત્રણ વર્ષનું બાળક પોલીસએ પરિવારને સોંપ્યું

અમરેલી,તા.૦૧



લાઠી શહેરના કેરિયા રોડ સ્થિત ખોડીયારનગર વિસ્તારમાં રડતી હાલતમાં મળેલા ત્રણ વર્ષના બાળક અંગે સ્થાનિક રહેવાસીએ લાઠી પોલીસને જાણ કરી હતી. પોલીસનો સર્વેલન્સ સ્ટાફ તાત્કાલિક પહોંચીને બાળકના વાલી-વારસની શોધખોળ હાથ ધરી હતી. સતત બે કલાકની તપાસ બાદ બાળકના પિતા અનસીંગભાઈ કટારાનો સંપર્ક થયો હતો. જરૂરી ઓળખ ચકાસણી બાદ બાળકને સુરક્ષિત રીતે પિતાને સોંપવામાં આવ્યું હતું. સ્થાનિકોએ પોલીસની કામગીરીને બિરદાવી હતી.

# અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં વૃક્ષારોપણ કરાયું

અમરેલી,તા.૦૧

કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. બી.કોમ. સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ કોલેજ પ્રાંગણમાં વિવિધ છોડ વાવ્યા હતા. અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી વૃક્ષોનું નિયમિત જતન કરવાની વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી હતી. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયા, એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ.બી. ગોરવાડિયા, ડો. એ.જી. પટેલ અને પ્રાધ્યાપકોએ આયોજન સંભાળ્યું હતું. વસંતભાઈ ગજેરા સહિતના અગ્રણીઓએ કાર્યક્રમને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.



# ગોઢાવદર નજીક ભેંસને બચાવવા જતા એસ.ટી. બસ રોડ પરથી નીચે ઉતરી

લીલીયા,તા.૦૧



લીલીયા તાલુકાના ગોઢાવદર ગામ નજીક શનિવારે અમરેલી-ગારીયાધાર રૂટની એસટી બસ ભેંસને બચાવવાના પ્રયાસ દરમિયાન રોડ પરથી નીચે ઉતરી ગઈ હતી. બસ લીલીયા તરફ જઈ રહી હતી ત્યારે અચાનક રસ્તા પર ભેંસ આવી જતાં ચાલકે સમયસૂચકતા દાખવી બસને વાળી હતી. જેના કારણે બસ રોડની બાજુમાં નીચે ઉતરી ગઈ હતી. ઘટનાના પગલે બસમાં બેઠેલા મુસાફરોમાં થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો અને તમામના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જોકે સદનસીબે આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા પહોંચી નહોતી.

# અમરેલીના સમર્થ વ્યાયામ મંદિરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

અમરેલી,તા.૦૧

અમરેલીના સમર્થ વ્યાયામ મંદિર ખાતે ક્રિએટિવ યોગા ગ્રુપ દ્વારા ગુરુપૂર્ણિમાની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી. નિઃશુલ્ક યોગા ક્લાસ સાથે જોડાયેલી ૧૦૦થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન બહેનોએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને પ્રસ્તુતિઓ રજૂ કરી હતી. વિશેષ અતિથિ તરીકે ખોડલધામ ટ્રસ્ટી જેનીબેન ઠુમ્મર, રમતગમત અધિકારી પૂનમબેન ફુમકીયા સહિતના હાજર રહ્યાં હતા.



# બસરાના હાલરિયામાં શિકાર કરવા આવેલા સિંહને આખલાએ ખદેડયો

બગસરા,તા.૦૧

બગસરા તાલુકાના હાલરિયા ગામમાં મોડી રાત્રે શિકારની શોધમાં એક સિંહ ગામની શેરીમાં ઘૂસી આવ્યો હતો. વરસાદી વાતાવરણ વચ્ચે બનેલી આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જે પશુને સિંહ શિકાર માનતો હતો તે આખલો નીકળ્યો. આખલાએ ડરીને ભાગવાને બદલે સીધો સિંહ સામે દોડી જઈ પ્રતિકાર કર્યો હતો.

આખલાના આક્રમક વલણથી સિંહ પાછળ હટ્યો હતો. આખલો સતત પાછળ પડતાં સિંહે શેરીમાંથી દોટ મૂકી ત્યાંથી ભાગી પોતાનો બચાવ કર્યો હતો. હાલ આ વીડિયો સોશિયલ મીડિયામાં ફરી રહ્યો છે.









## -// જાહેર નોટીસ //-

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોચ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી),** સરનામું-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લોંકી ગામે આવેલ ખાતા નં-૨૭૫, સ.નં-૩૦૪ (જુનો સ.નં-૬૮ પૈકી ૪), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૧-૧૭-૩૬, આકાર-૩.૮૫ વાળી ખેતીની જૂની શરતની જમીનના માલીક/કબજેદારશ્રી સોળીયા ગણેશભાઈ નાથાભાઈ ના નામે આવેલ છે.

સદરહુ જમીનના ૭/૧૨ માં સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક-આંબા શાખા નો બોજો અનુક્રમે રૂા.૧,૫૦,૦૦૦/- તથા રૂા.૫,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માળક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોક્ત જણાવેલ જમીન ઉપર કોઈનો હક હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક્ક જતો (વેવ) કરેલ છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલોની સુચના અને ફરમાઈશથી......

**સ્થળ:લીલીયા**
**તારીખ:૧/૮/૨૦૨૬**

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩૧૩૮૯૪**






## -// જાહેર નોટીસ //-

આથી અમે નીચે રાહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી),** સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા. લીલીયા, જિ.અમરેલી ના અમોના અશીલની સુચતા અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-ખડકાળા ગામે આવેલ ખાતા નં-૭૩૩, સ.નં-૧૫૧/૨ પૈકી ૪, ક્ષેત્ર હે.આરે.ચોમી. ૦-૯૦-૦૩, આકાર-૭.૦૮ વાળી ખેતીની જૂની શરતની જમીનના માલીક/કબજેદારશ્રી ધીરજભાઈ ગાંગજીભાઈ કોટડીયા ના નામે આવેલ છે.(૨) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-ખડકાળા ગામે આવેલ ખાતા નં-૭૩૧, સ.નં-૧૫૧/૧, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૮૧-૧૦, આકાર-૨૨.૪૦ વાળી ખેતીની જૂની શરતની જમીનના માલીક/કબજેદારશ્રી ઊરજભાઈ ગાંગજીભાઈ કોટડીયા ના નામે આવેલ છે.(૩) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-ખડકાળા ગામે આવેલ ખાતા નં-૭૩૪, સ.ન-૧૫૧/૧/પૈકી ૧, ક્ષેત્ર હે.આરે.ચોમી. ૩-૩૩-૮૮, આકાર-૨૨.૪૭ વાળી ખેતીની જૂની શરતની જમીનના માલીક/કબજેદારશ્રી કાંતીભાઈ ગાંગજીભાઈ કોટડીયા ના નામે આવેલ (૪) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-ખડકાળા ગામે આવેલ ખાતા નં-૧૭૪, સ.નં-૧૫૨ પૈકી ૨, ક્ષેત્ર હે.આરે.ચોમી. ૧-૦૬-૨૩, આકર-૯.૧૦ વાળી ખેતીની જૂની શરતની જમીનના માલીક/ કબજેદારશ્રી કાનાણી મગનભાઈ મોહનભાઈ, કાનાણી ફુલબાઈબેન મગનભાઈ, કાનાણી સંજયભાઈ મગનભાઈ, કાનાણી ધરમભાઈ મગનભાઈ ના નામે આવેલ છે.(૫) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-ખડકાળા ગામે આવેલ ખાતા ને-૭૫૪, સ.નં-૧૫૨ પૈકી ૩, ક્ષેત્ર.હે.આરે.ચોમી ૧-૦૬-૨૩, આકાર-૯.૧૦ વાળી ખેતીની જુની શરતની જમીનના માલીક/કબજેદારશ્રી અલ્પેશભાઈ હીરાભાઈ પીપળીયા ના નામે આવેલ (૬) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે-ખડકાળા ગામે આવેલ ખાતા નં- ૭૫૩, સ.નં-૧૫૨ પૈકી ૪, ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૦૭-૨૪, આકાર-૯.૩૦ વાળી ખેતીની જૂની શરતની જમીનના માલીક/કબજેદારશ્રી વર્ષાબેન મેપાભાઈ રામાણી ના નામે આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમના અસીલો વેચાણથી ખરીદ કરી, વેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો. આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજૂ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોક્ત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલસે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલોની સુચના અને ફરમાઈશથી......

**સ્થળ:લીલીયા**
**તારીખ:૧/૮/૨૦૨૬**

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩૧૩૮૯૪**

# કૌશિક વેકરીયાના હસ્તે ખજૂરી ગામે નવી પ્રાથમિક શાળા અને સુવિધા પથનું લોકાર્પણ

અમરેલી,તા.૦૧

વડિયાના ખજૂરી ગામે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે રૂ. ૯૦ લાખથી વધુના ખર્ચે નિર્મિત અદ્યતન પ્રાથમિક શાળા અને રૂ. ૧.૨૫ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા સુવિધા પથનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર



મોદી દ્વારા દર્શાવવામાં આવેલા વિકાસના માર્ગ પર અમરેલી જિલ્લો સતત પ્રગતિ કરી રહ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જિલ્લામાં વિકાસકાર્યોને નવી ગતિ મળી છે. તેમણે જણાવ્યું કે આજે વિકાસકાર્યો સમયસર પૂર્ણ થઈ રહ્યા છે અને જનપ્રતિનિધિઓ પોતાના હસ્તે લોકાર્પણ કરી રહ્યા છે. ખજૂરી ગામે ગ્રામજનો અને દાતાઓના સહયોગથી ૨,૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણ સંરક્ષણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શાળાની સિધ્ધિઓ બદલ સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# અમરેલીમાં પ્રેમ પ્રકરણની શંકામાં યુવક પર લોખંડના પાઈપથી જીવલેણ હુમલો

અમરેલી, તા.૦૧

અમરેલી શહેરમાં પ્રેમ પ્રકરણની શંકાના આધારે એક યુવક પર લોખંડના પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવાનો બનાવ સામે આવ્યો હતો. આ હુમલામાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે જેનિલસિંહ ભુપતસિંહ જનવારે પ્રિયાંશ અને વત્સલ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રાજ સોંદરવાની ગર્લફ્રેન્ડ સાથે તેમને પ્રેમ સબંધની હોવાની શંકા હતી, જે બાબતે તેઓને સમાધાન થઈ ગયું હતું. તેમને સાહેદ સોહમે કોઈની સાથે ફોનમાં વાત કરાવતા ફોનમાં ગાળી થઈ હતી અને બાદ બંને આરોપીઓ કાર લઈને તેમની પાસે આવ્યા હતા અને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગ્યા હતા. તેમણે ગાળો દેવાની ના પાડતા બંન્ને એકદમ ઉશ્કરાઈ ગયા હતા અને ઢીકા પાટુનો મુંઢ માર મારવા લાગ્યા હતા. પ્રિયાંશે કારમાંથી લોખંડનો પાઈપ લઈ આવી તેમને આડેધડ પાઈપના ઘા માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની તથા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી માથામાં હેમરેજ જેવી ગંભીર ઈજા કરી હતી તથા મુંઢ ઈજાઓ કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન બી ભટ્ટ વધુ તપાસ કરી રહ્યા છે.

# B.Com. સેમ-૬માં અમરેલીની આર. કે. વઘાસીયા કોલેજનું ૧૦૦% પરિણામ

અમરેલી,તા.૦૧

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત, ગજેરા શૈક્ષણિક સંકુલ અમરેલી ખાતેની આર. કે. વઘાસીયા કોમર્સ મહિલા કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નું B.Com. (EM) Sem.- VIનું યુનિવર્સિટી પરિણામ ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ડિસ્ટીંક્શન આવ્યું છે. આ



પરિણામમાં ભકોડીયા ક્રિનલ (૯૨.૩૬%) પ્રથમ, રામાણી હર્ષિતા (૯૧.૬૪%) દ્વિતીય અને વાઘેલા રીયા (૯૧.૪૫%) તૃતીય ક્રમે રહ્યા છે. આ શાનદાર સફળતા બદલ સંસ્થા અને ટ્રસ્ટ પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓ, રેન્કર્સ તેમજ સ્ટાફગણને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સાવરકુંડલા શહેરમાં ઝટકા મશીનનો તાર ગળે વીંટળાઈ જતાં મહિલાનું મોત

**સા.કુંડલા ટાઉન પોલીસે ઘટના અંગે તપાસ શરૂ કરી**

સાવરકુંડલા, તા.૧

સાવરકુંડલામાં વિનુભાઈ ગોવિંદભાઈ બુહાની વાડીના શેઢા પાસે ઝટકા મશીનનો તાર ગળાના ભાગે વીંટળાઈ જતાં મહિલાનું મોત થયું હતું. આ અંગે મહેશભાઈ નાનજીભાઈ જીજંવાડીયાએ જાહેર કર્યા મુજબ, હર્ષાબેન નાનજીભાઈ જીજંવાડીયા (ઉ.વ.૪૦) જન્મથી માનસિક બીમાર હતા અને કુદરતી હાજતે ગયેલ તે દરમ્યાન વિનુભાઈ ગોવિંદભાઈ બુહાની વાડીના શેઢા પાસે ઝટકા મશીનના તાર ગળાના ભાગે વીટળાઈ જતા ઈલેક્ટ્રીક શોક લાગતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જયસુખભાઈ લખમણભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા નજીક વાડીમાં ઝેરી દવા ગટગટાવતાં પરપ્રાંતિય મહિલાનું મોત, યુવકની હાલત ગંભીર

સાવરકુંડલા, તા.૧

સાવરકુંડલા-અમરેલી રોડ પર આવેલા જૂના કરજાળા કાચા રોડ નજીક એક વાડીમાં ઝેરી દવા પી લેવાની કરૂણ ઘટના સામે આવી હતી. જેમાં એક મહિલાનું કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવકની હાલત ગંભીર હોવાથી તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. મળતી વિગતો અનુસાર, સાવરકુંડલા-અમરેલી રોડ પર સ્થિત અરવિંદભાઈ વિઠ્ઠલભાઈ ગેડિયાની વાડીએ રાનુબેન નામના મહિલા અને વિકેશભાઈ નામના યુવકે કોઈ અગમ્ય કારણોસર કપાસમાં છાંટવાની 'મોનોકોટો' નામની ઝેરી જંતુનાશક દવા પીધી હતી. ઝેરી દવાની અસર થતાં જ રાનુબેનનું મોત નીપજ્યું હતું. જ્યારે બીજી તરફ ભોગ બનનાર વિકેશભાઈની તબિયત નાજુક જણાતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. બનાવ અંગેની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. મહિલા અને યુવકે કયા કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# લાઠીના જાનબાઈ દેરડીમાં પ્રેમી પંખીડા ભાગી જતાં ધીંગાણું સર્જાયું

લાઠી,તા.૦૧

લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે પ્રેમ પ્રકરણના મામલે ભારે ધીંગાણું સર્જાયું હતું. યુવક-યુવતી લગ્ન કરવા માટે ભાગી જતાં તેના ખારમાં યુવતીના પક્ષના લોકોએ એકસંપ થઈ યુવકના પરિવારના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી લોખંડના પાઈપ, લાકડાના ધોકા વડે પ્રાણઘાતક હુમલો કરી પથ્થરમારો કર્યો હતો. બનાવ અંગે સામ સામી ફરિયાદ નોંધાઈ હતી. મહેશભાઈ શંભુભાઈ સોલંકી (ઉં.વ.૨૭) એ દપાભાઈ રમેશભાઈ ચૌહાણ, નિલેષભાઈ કાળુભાઈ ચૌહાણ, મિલનભાઈ કાળુભાઈ ચૌહાણ, રોનકભાઈ નાનજીભાઈ ચૌહાણ તથા રસીકભાઈ નાનજીભાઈ ચૌહાણ સહિત ૧૬ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેના મોટા બાપુજીનો દિકરા ગોપાલને જાનબાઈ દેરડી ગામના મુન્નાભાઈ રમેશભાઈ ચૌહાણની દિકરી દર્શના સાથે પ્રેમ સબંધ હતો. જેથી તેને લગ્ન કરવા માટે ભગાડીને લઈ ગયો હતો. જે અંગેનો ખાર રાખી તમામ આરોપીઓએ એકસંપ કરી લોખંડના પાઈપ તથા લાકડાના ધોકા જેવા હથિયારો ધારણ કરી તેમના તેમજ સાહેદોના ઘરે ગેરકાયદેસર ગૃહ અપ પ્રવેશ કરી જેમ ફાવે તેમ ગાળો આપી તેમને તથા સાહેદો ઉપર હુમલો કર્યો હતો. લોખંડના પાઈપ તેમજ લાકડાના ધોકાઓ વડે તેમને તથા સાહેદોને આડેધડ માર માર્યો હતો. ઉપરાંત તેમના ઘર ઉપર પથ્થર મારો કર્યો હતો. તેમજ તેમને તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ દિલપેશભાઈ ઉર્ફ દપાભાઈ રમેશભાઈ ચૌહાણ (ઉ.વ.૨૮)એ વાલજીભાઈ મેરામભાઈ સોલંકી, અજયભાઈ વાલજીભાઈ સોલંકી, મહેશભાઈ શંભુભાઈ સોલંકી, નિલેશભાઈ જગદીશભાઈ સોલંકી તથા લાલભાઈ ઉર્ફે ભાણો શાંતીભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટાભાઈ મુકેશભાઈની દીકરી દર્શનાબેન વાલજીભાઈ મેરામભાઈ સોલંકીના દિકરા ગોપાલભાઈ સાથે તેઓના ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી. જેથી તેમને તથા અન્ય સાહેદો વાલજીભાઈ સોલંકીના ઘરે તેઓની દીકરી પાછી આપી દેવા બાબતે સમજાવવા માટે ગયા હતા. તે દરમિયાન પાંચેય આરોપીઓએ એક સંપ કરી તેમન તથા સાહેદોને જેમ ફાવે તેમ ગાળો આપી છુટ્ટા પથ્થર તથા ઈંટોના ઘા મારી પથ્થર મારો કરી ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# દામનગરમાંથી ૬ જુગારી રોકડ મુદ્દામાલ સાથે ઝડપાયા

દામનગર, તા.૧

દામનગરમાંથી છ જુગારી રૂ.૧૧,૧૨૦નાં મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. સિતારામનગરમાંથી જીલુભાઈ બાબુભાઈ વાઘેલા, હરેશભાઈ વજુભાઈ ચારોલા, હરેશભાઈ ઉર્ફે કમલેશ જીલુભાઈ વાઘેલા, દિનેશભાઈ ઉર્ફે કાળુ અમરાભાઈ માથાસુળીયા, વિક્રમભાઈ લખમણભાઈ પરમાર તથા હરસુખભાઈ લલુભાઈ વાઘેલા જાહેર જગ્યામા જુગાર રમતાં રોકડા રૂ.૧૧,૧૨૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

# ચલાલામાં ૧૧ કે.વી. ખેતીવાડી ફીડરમાંથી રૂ.૯૯,૨૬૫ના વીજ વાયર ચોરાયા

ચલાલા, તા.૧

ચલાલા હુડકો સોસાયટી રોડથી ગરમલી (મોટી) ગામે નીકળતી ૧૧ કે.વી. હુડલી ખેતીવાડી ફીડરમાંથી રૂ. ૯૯,૨૬૫ના વીજ વાયર ચોરાયા હતા. બનાવ અંગે નાયબ ઈજનેરે ચાર રાજસ્થાની સામે ફરિયાદ નોંધાવી હતી. ગોપાલભાઈ પુનમચંદ ગણાવા (ઉ.વ.૪૨) એ સુખદેવ ગોપીલાલ રેગર, રોશન ઘીસુ કાઠાત, ઈરફાન કુકા કાઠાત તથા મદનસીંહ શકંરસિંહ રાવત સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ ચલાલા હુડકો સોસાયટી રોડ થી ગરમલી (મોટી) ગામે નીકળતી ૧૧ કે.વી. હુડલી ખેતીવાડી ફીડરમાંથી એલ્યુમિનીયમ વીજ વાયર જે કુલ ૧૮ ગાળાના આશરે ૨૨૦૦ મીટર ) લંબાઈનો વીજ વાયર કિંમત રૂ.૯૯,૨૬૫ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.


## -// જાહેર નોટીસ //-

ફો.પ.અ.નં.૧૦૫/૨૦૨૬

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી. સી કોટડીયા રહે.લાઠી

અરજદાર :- લાડોલા ગિરધરભાઈ વશરામભાઈ, ઉ.વ.૬૮, ધંધોઃ ખેતી, હિન્દુ/પટેલ, રહે.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધીકારી ચીફ ઓફિસર લાઠી નગર પાલીકા**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે લાઠી ગામ ના રહેવાસી છે. અરજદાર પોતે **લાડોલા ગિરધરભાઈ વશરામભાઈ**ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની પોતે **લાડોલા ગિરધરભાઈ વશરામભાઈ**નો જન્મ જે તે સમયે લાઠી મુકામે જન્મ તારીખ-**૧૩/૦૮/૧૯૫૭** ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદ્દત તારીખ-૨૦/૮/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું. તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ : લાઠી** — **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**તારીખ : ૨૭/૦૭/૨૦૨૬** — **મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**


# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૫ |
| જુવાર સફેદ | ૧૦૮૧ | ૧૨૬૪ |
| જુવાર લાલ | ૧૨૦૮ | ૧૩૩૦ |
| બાજરી | ૩૯૫ | ૫૦૧ |
| ચણા પીળા | ૧૦૭૦ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૦૫૦ | ૧૭૫૦ |
| મગ | ૧૧૪૦ | ૧૬૩૫ |
| વટાણા | ૬૦૦ | ૮૨૧ |
| એરંડા | ૧૩૬૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૧૨૧૦ | ૧૩૦૦ |
| લસણ | ૧૦૯૧ | ૨૨૫૦ |
| ધાણા | ૨૪૩૦ | ૨૯૬૦ |
| ધાણી | ૨૪૮૦ | ૩૦૧૫ |
| રાય | ૧૩૫૦ | ૧૮૫૦ |
| મેથી | ૯૬૦ | ૧૬૫૦ |
| રાયડો | ૧૨૪૦ | ૧૫૦૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૫ | ૮૧૧ |
| પપૈયા | ૨૦૪ | ૪૧૨ |
| બટેટા | ૯૪ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૪૨૦ |
| ટમેટા | ૩૦૨ | ૫૮૨ |
| સુરણ | ૬૭૧ | ૮૮૫ |
| કોથમરી | ૬૭૭ | ૧૦૧૫ |
| રીંગણા | ૭૫ | ૧૮૬ |
| કોબીજ | ૨૧૩ | ૪૫૨ |
| ફ્લાવર | ૩૨૧ | ૬૫૨ |
| ભીંડો | ૩૩૫ | ૭૨૮ |
| ગુવાર | ૭૦૫ | ૧૪૨૯ |
| ચોળાસીંગ | ૩૯૮ | ૭૮૬ |
| ટીંડોળા | ૪૬૫ | ૮૮૭ |
| દુધી | ૩૧૭ | ૬૯૧ |
| કારેલા | ૨૫૮ | ૬૩૩ |
| સરગવો | ૬૨૫ | ૧૨૩૪ |
| તુરીયા | ૫૦૬ | ૯૨૨ |
| પરવર | ૬૮૨ | ૧૦૧૪ |
| કાકડી | ૨૬૬ | ૧૦૦૫ |
| ગાજર | ૨૬૭ | ૪૭૧ |
| વટાણા | ૧૯૨૭ | ૨૬૫૬ |
| ગલકા | ૪૧૫ | ૬૬૧ |
| બીટ | ૩૦૭ | ૫૧૨ |
| મેથી | ૬૧૫ | ૮૨૭ |
| ડુંગળી લીલી | ૯૭૨ | ૧૨૩૪ |
| આદુ | ૧૫૨૬ | ૨૯૯૭ |
| મરચા લીલા | ૬૨૫ | ૯૩૨ |
| મકાઇ લીલી | ૨૧૩ | ૪૨૧ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૯૬ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સિંગદાણા જાડા | ૧૪૦૧ | ૧૯૦૧ |
| સિંગ ફાડીયા | ૭૦૧ | ૧૬૮૧ |
| તલ કાળા | ૧૮૦૧ | ૩૭૨૬ |
| જીરૂ | ૨૪૦૧ | ૩૯૧૧ |
| કલંજી | ૨૪૦૧ | ૩૬૨૧ |
| ધાણા | ૨૪૦૧ | ૩૦૪૧ |
| ડુંગળી લાલ | ૧૪૬ | ૫૨૬ |
| મેથી | ૧૪૨૧ | ૧૪૨૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૪૬ |
| તલ - તલી | ૧૯૩૧ | ૨૫૧૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૦૨૧ |
| બાજરો | ૨૭૧ | ૪૪૧ |
| જુવાર | ૪૯૧ | ૧૧૩૧ |
| મકાઇ | ૪૮૧ | ૪૮૧ |
| મગ | ૮૦૧ | ૧૪૯૧ |
| વાલ | ૩૫૧ | ૩૫૧ |
| ચોળા / ચોળી | ૧૨૪૧ | ૧૨૪૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૨૭૬ | ૫૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૮૦ | ૬૦૦ |
| દુધી | ૧૮૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૧૩૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૯૮૦ | ૨૪૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૭ | ૧૦ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| કાચા કેળા | ૧૨૦ | ૩૨૦ |
| ચૂરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ક્રુદ્દિક્રિ | ૯૦૦ | ૧૧૫૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૧ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૬૦૦ |
| કાચા પોપૈયા | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૦ | ૨૮૦૦ |
| મકાઈ ડોડા | ૩૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૭ |
| ફળ | નીચો | ઉંચો |
| જામફળ | ૫૦૦ | ૧૩૦૦ |
| દાડમ | ૩૦૦ | ૧૫૦૦ |
| સફરજન | ૧૨૦૦ | ૪૨૦૦ |
| કેળા | ૩૨૦ | ૫૫૦ |
| સંતરા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| તરબૂચ | ૪૦ | ૧૦૦ |
| કમલમ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ગુલાબ | ૫૦૦ | ૨૦૪૦ |
| મોસંબી | ૫૦૦ | ૮૦૦ |
| કીવી | ૩૦૦૦ | ૪૬૦૦ |
| નાશપતી | ૪૦૦ | ૭૦૦ |
| આલુચા | ૪૦૦ | ૧૭૦૦ |
| ખારેક | ૬૦૦ | ૧૯૦૦ |
| **અમરેલી** | | |
| શિંગદાણા | ૧૫૫૦ | ૨૦૫૦ |
| તલ સફેદ | ૨૩૫૫ | ૨૫૫૦ |
| તલ કાળા | ૨૧૮૦ | ૩૮૭૦ |
| તલ કાશ્મીરી | ૨૪૨૫ | ૨૪૨૫ |
| બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| જુવાર | ૬૫૦ | ૧૧૪૫ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૫૫ |
| ચણા | ૮૯૦ | ૧૨૩૫ |
| સફેદ ચણા | ૧૧૪૦ | ૧૧૫૫ |
| તુવેર | ૧૧૩૦ | ૧૩૯૫ |
| કપાસ | ૧૨૯૫ | ૧૯૫૫ |
| ધાણી | ૨૮૭૦ | ૨૮૭૦ |
| મેથી | ૧૨૫૫ | ૧૨૫૫ |
| સોયાબીન | ૧૨૮૦ | ૧૩૧૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૧૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૯૦ |
| ફુલાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| ટમેટા | ૫૦૦ | ૬૦૦ |
| સુરણ | ૮૪૦ | ૯૩૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૫૦૦ | ૬૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૮૦૦ | ૯૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૩૦ |
| વટાણાં | ૨૯૦૦ | ૩૦૧૦ |
| ચોળા લીલાં | ૧૦૨૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચીભડા | ૬૨૦ | ૧૧૮૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૨૫૦૦ | ૩૦૦૦ |
| ફુદીનો | ૮૫૦ | ૯૫૦ |
| ટીંડોરા | ૭૩૦ | ૮૩૦ |
| બીટ | ૩૮૦ | ૪૮૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૪૨૦ | ૧૬૫૦ |
| ડુંગળી સૂકી | ૪૫૦ | ૫૫૦ |
| લસણ સૂકું | ૧૪૫૦ | ૨૩૫૦ |
| પાલક | ૭૨૦ | ૮૫૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૩૦ |
| મકાઇ | ૩૨૦ | ૪૦૦ |
| **ધારી** | | |
| ધાણા | ૨૯૫૦ | ૨૯૫૦ |
| તલ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| દાણા | ૧૬૬૦ | ૧૬૬૦ |
| સોયાબીન | ૧૩૧૦ | ૧૩૧૫ |
| **કોડીનાર** | | |
| મગફળીજી-૨૦ | ૯૦૦ | ૧૧૪૫ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૨૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૩ |
| અડદ | ૧૯૦૦ | ૧૯૬૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૪૪૬ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૪૨ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૭૫ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૭૦ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૭૦ |
| તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| શિંગ દાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૩૮ |
| ચણા૧૨૨૫ | | ૧૨૨૫ |
| **ભેંસાણ** | | |
| ઘઉં | ૪૮૦ | ૪૮૦ |
| ચણા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| વાલ | ૭૯૧ | ૭૯૧ |
| શિંગ દાણા૧૫૦૧ | | ૧૯૮૬ |
| શિંગ ફાડા | ૧૬૫૬ | ૧૬૫૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૫૩૧ |
| તલ કાળા | ૧૫૫૧ | ૩૧૮૬ |
| ધાણા | ૧૫૦૧ | ૨૮૫૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૨૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૪૮૦ |
| શિંગ મોટી | ૧૨૫૦ | ૧૫૩૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૫૧ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૨૨૫ |
| કપાસ | ૧૩૫૫ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૨૨ |
| બાજરો | ૩૦૦ | ૫૫૦ |
| જુવાર | ૬૦૦ | ૮૫૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૫૪ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૦૮ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૨૨ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૨૩ |
| ધાણા | ૧૬૫૦ | ૨૩૫૧ |
| સોયાબીન | --- | ૯૩૨ |
| **જામનગર** | | |
| ઘઉં | ૪૦૦ | ૫૨૦ |
| ચણા | ૯૫૦ | ૧૨૪૩ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| લસણ | ૧૨૧૫ | ૨૬૮૧ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૩૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૭૫ | ૪૭૫ |
| બાજરી | ૩૫૧ | ૩૫૧ |
| ઘઉં ટુકડા | ૪૯૩ | ૫૩૯ |
| મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| તલ કાળા | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ડુંગળી લાલ | ૮૦ | ૫૪૩ |
| ડુંગળી સફેદ | ૧૬૫ | ૨૩૩ |
| **રાજુલા** | | |
| બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ઘઉ ટુકડા | ૫૦૫ | ૫૧૬ |
| જુવાર | ૬૧૬ | ૧૧૩૫ |
| ચણા | ૧૨૧૫ | ૧૨૧૫ |
| એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૧૪૨૧ | ૧૪૨૧ |


## -// જાહેર નોટીસ //-

ફો.પ.અ.નં.૧૦૦/૨૦૨૬

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

અરજદાર :- વીસાણી ધરમશીભાઈ ગોરધનભાઈ, ઉ.વ.૪૬, ધંધોઃ મજુરી, ધર્મેઃહિન્દુ, રહે.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધીકારી ચીફ ઓફિસર લાઠી નગર પાલીકા**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે લાઠી ગામ ના રહેવાસી છે. અરજદાર દાદાજી **સ્વ.વીસાણી રાણાભાઈ નારણભાઈ** મરણ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના દાદાજી **સ્વ.વીસાણી રાણાભાઈ નારણભાઈ** અવસાન **૧૫/૦૬/૧૯૯૫** ના રોજ તેમના નીવાસ સ્થાન લાઠી ગામે જે તે સમયે જે અંગેની મરણ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદ્દત તારીખ-૨૦/૮/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું. તેમ કરવામાં કસુરથયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ : લાઠી** — **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**તારીખ : ૨૭/૦૭/૨૦૨૬** — **મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**

# આંદોલન પાછળની અરાજકતા અને વિદેશી દોરીસંચાર પર પડદો


વિચાર વલોણું

જયવંત પંડ્યા


ડાબેરી સંગઠનોની ભૂમિકા: નીટ પેપર લીકના આધારે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના ત્યાગપત્રની સાચી માગણીસર જંતરમંતર પર થયેલા આંદોલનમાં ડાબેરી સંગઠનો એસએફઆઈ (સ્ટુડન્ટ ફેડરેશન ઑફ ઈન્ડિયા), આઈસા (ઑલ ઈન્ડિયા સ્ટુડન્ટ એસોસિએશન)ના ડફલીવાળા કલાકારો અને પ્રાધ્યાપકો જોડાતા ગયા, તે પછી આંદોલન ઉગ્ર, અભદ્ર અને અરાજક, હિન્દુ વિરોધી, ભારતની અખંડિતતા વિરોધી બનતું ગયું. સુરક્ષા જવાનોને ઉશ્કેરવા પ્રયાસ અને તેમના વિરુધ્ધ હિંસા થઈ. ૧૧૮ સુરક્ષા જવાનો ઘાયલ થયા અને સુરક્ષા જવાનોની વળતી કાર્યવાહીમાં ૬૦ જેટલા પ્રદર્શનકારીઓ પણ ઘાયલ થયા.

મીડિયા અને સૉશિયલ મીડિયાની ભૂમિકા: અનેક બનાવો બતાવે છે કે કહેવાતા ગોદી મીડિયાએ દેશહિતને (ખાલિસ્તાન, અર્બન નક્સલી, ઈસ્લામિક ત્રાસવાદની બાબતોની વાત છે) કોરાણે મૂકીને આંદોલનો કે અન્ય બાબતોને અસંતુલિત રીતે દેશહિતની વિરુધ્ધ મત ઊભો થાય તે રીતે વધુ પડતું મહત્ત્વ આપ્યું છે. દા. ત. દર મહિલા દિવસે માતાના નામ સાથે લેખકનું નામ લખવા જેવાં નાટકો બેધડક કરતા એક મીડિયામાં પહેલા પાને પંજાબી ગાયક સિધ્ધુ મૂસેવાલાની હત્યા પછી તેની માતા ૫૮ વર્ષની વયે ફરીથી ગર્ભવતી બન્યાના સમાચાર હરખના હેડિંગ સાથે એન્કર સ્ટૉરી (નીચે ચારથી પાંચ કૉલમ જે સમાચાર છપાય તેને એન્કર અથવા બૉટમ સ્ટૉરી કહે છે) તરીકે છાપ્યા હતા. 'સિધ્ધુની માતાને છોકરો આવવાનો છે અને માતા કહે છે કે સિધ્ધુ પાછો આવશે' તેવું છપાયું હતું. ફેમિનિસ્ટ છાપું એક ખાલિસ્તાન સમર્થક દીકરાની માતાને બીજો દીકરો જન્મે તેમાં હરખપદુડું થઈ જાય છે !

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં વડા પ્રધાન મોદીએ આક્ષેપ કર્યો હતો કે હવે રાહુલ ગાંધી મૂકેશ અંબાણી અને ગૌતમ અદાણી વિરુધ્ધ મૌન છે. શું તેમની વચ્ચે કોઈ સમાધાન થઈ ગયું છે? એ ઉલ્લેખનીય છે કે નીરા રાડિયા ટેપ પ્રકરણમાં મૂકેશ અંબાણીએ 'કૉંગ્રેસ તો અપની દુકાન હૈ' તેવું કહ્યું હોવાનું બહાર આવ્યું હતું. ટાટા સમૂહ તો ખરો જ. ગૌતમ અદાણીની તેલંગાણા, કેરળમ્, તમિળ નાડુ ઈત્યાદિ ભાજપેત્તર પક્ષો શાસિત રાજ્યોમાં પણ પરિયોજનાઓ છે. ભાજપ વિરોધીઓ એવો આક્ષેપ કરતા હોય છે કે અદાણી-અંબાણીએ મીડિયા ખરીદી લીધું છે તેથી તેમાં મોદી તરફી વાતો જ આવે છે તો જાણી લો કે મોદીજી ઑસ્ટ્રેલિયા ગયા હતા ત્યારે ત્યાં એક કિશોર વયની છોકરીએ વિનંતી કરી તો તેના ટીશર્ટ પર ખભાના ભાગે પોતાના હસ્તાક્ષર કર્યા હતા, તે છબિને અંબાણીની ન્યૂઝ ૧૮ ચેનલે એઆઈ દ્વારા છેડછાડ કરીને ખભાના બદલે છાતીના ભાગે કરીને મૂકી હતી અને ઉહાપોહ થતાં માત્ર ક્ષમા માગી લીધી હતી.

મીડિયાના મોટા ભાગના વર્ગે આ આંદોલન માત્ર નિર્દોષ છોકરા-છોકરીઓનું હોય તે રીતે બતાવ્યું. પોલીસના લાઠીચાર્જની અને મુંબઈમાં એક મૉડેલની બંધ પોલીસ વાનને અટકાવવાના સ્ટંટની છબિઓ છાપી. ડાબેરી પ્રદર્શનકારીઓની અભદ્રતા એટલી બધી નીચ હતી કે તેને કોઈ પણ સભ્ય માણસ તેના ફૉટા કે વિડિયો પોતાના સૉશિયલ મીડિયા ખાતામાં પણ મૂકવાનું પસંદ ન કરે. રાષ્ટ્રવાદી યુટ્યૂબ ચેનલો ચલાવનારા લોકોએ પણ તેને મૂકવામાં ક્ષોભ કર્યો. પરંતુ આ લેખક સહિત અમુકે વિચાર્યું કે સુરુચિનો ભંગ થાય તો પણ સત્ય બહાર લાવવું આવશ્યક છે. તેથી તે ફૉટો, વિડિયો મૂક્યા ત્યારે લોકોના ધ્યાનમાં આવ્યું.

ઉપવાસ આંદોલન દરમિયાન અભિજીત દીપકે ફાઈવ સ્ટાર હૉટલમાં રહ્યો હતો, આઈસાની પ્રમુખ નેહા બોરાને ત્યાં ભોજન વિતરણ કરનાર મોહમ્મદ જુનૈદે કયું શક્તિવર્ધક કે અન્ય પીણું પીવડાવી નૈતિક રીતે ઉપવાસ તોડી નાખ્યો, આંદોલનમાં કટ્ટર મુસ્લિમે 'નારા એ તદબીર'નો સૂત્રોચ્ચાર કરાવ્યો પણ ઉપસ્થિત એક હિન્દુવાદીએ કહ્યું કે હવે 'જય શ્રી રામ'નો સૂત્રોચ્ચાર પણ કરો, તો ના પાડી દીધી, ત્યાં કાશ્મીરની સ્વતંત્રતાની, બ્રાહ્મણવાદથી મુક્તિ, લિંગને ન્યાયના નામે એલજીબીટીક્યૂનો એજન્ડા, ચાલ્યો. પેલેસ્ટાઈનની



તરફેણમાં અને કાશ્મીરી પંડિતોની અવદશાની વિરુધ્ધમાં બોલનાર ડાબેરી પ્રાધ્યાપિકા નંદિતા નારાયણને કહ્યું કે 'બસ નામ રહેગા અલ્લાહ કા'માં વાંધો શું છે?, ત્યાં જે મોદી-ધર્મેન્દ્ર પ્રધાન વિરુધ્ધ ગાળાગાળી સભર સૂત્રોચ્ચાર થયાં, અંદરોઅંદર કામુક ચેષ્ટાઓ થઈ, ડાન્સ થયાં, અંગપ્રદર્શનો થયાં, મોદી સરકાર ઝૂકી તે પછી કોકરોચ જનતા પાર્ટીના લોકોએ નીટની પરીક્ષા નિમિત્તે આત્મહત્યા કરનાર વિદ્યાર્થીઓનો મુદ્દો ભૂલીને હૉટલમાં અભદ્ર પાર્ટી કરી, આંદોલનના સ્થળે આત્મહત્યા કરનાર વિદ્યાર્થીની છબિ રઝળતી ફેંકી દીધી, આમાંનું કંઈ લખ્યું-બતાવ્યું નહીં.

વિદેશથી ભારત વિરોધી લોકોએ આંદોલનને ટેકો જાહેર કર્યો જેમાં ખેડૂત આંદોલન વખતે ટૂલકિટ જાહેર કરનારી કથિત પર્યાવરણવાદી ગ્રેટા થનબર્ગ, યૂકેના નેતા જેરેમી કૉર્બિન અને હૉલિવૂડ અભિનેતા જૉન ક્યુસાક છે. ભારતની સેલિબ્રિટીઓએ આંદોલનને ટેકો જાહેર કર્યો જ, પણ હસવું એ વાતે આવે કે એ સલમાન ખાને ટેકો જાહેર કર્યો, જેના પિતા સલીમ ખાન એક શૉમાં તેમનો દીકરો પેપર લીક કરાવીને પાસ થયો હોવાનું હસતાં-હસતાં કહેતા હતા ! વડા પ્રધાન મોદીના (મધરાત્રે) સેલ્ફ રેકૉર્ડેડ વિડિયોને ફેસબુક પરથી પહેલાં હટાવી લેવાયો અને પછી પુનઃસ્થાપિત કરાયો. સરકારે ફેસબુકના ગ્લૉબલ એક્ઝિક્યુટિવને બોલાવી તતડાવ્યા. આ બધી વાતો માત્ર એક મિનિટના સમાચાર તરીકે મૂકી દેવાયા અને ક્યાંક તો સાવ છપાયા પણ નહીં.

પરંતુ માત્ર મીડિયાનો વાંક કાઢવો ઉચિત નથી. મીડિયાને તો સરકાર વિરોધી બાબતો છાપો કે દેખાડો તેમાં વધુ ટીઆરપી કે સર્ક્યુલેશન મળે. ને તેના આધારે જાહેરખબરો મળે. નહીંતર ગોદી મીડિયાનો આક્ષેપ થાય. આમ છતાં, અર્નબ ગોસ્વમી, સુધીર ચૌધરી, રુબિકા લિયાકત જેવા અનેક પત્રકારો પોતાનો પત્રકાર ધર્મ અને રાષ્ટ્ર ધર્મ નિભાવે છે, પરંતુ સામા પક્ષે બાર વર્ષ પછી પણ સરકાર અને ભાજપ મીડિયા સાથે ઉદ્ધત, ઉદંડ અથવા ઉપેક્ષાના ભાવ સાથે રહ્યા છે. પોતાનો વિરોધ ઓછો થાય એટલે સેક્યુલર મીડિયાની ઑફિસમાં જઈ કુર્નિશ બજાવે છે.

ઘણાં વર્ષોથી આ લેખક સહિતના ચિંતિત લોકો સૉશિયલ મીડિયા પર અભદ્ર સામગ્રી અને રાષ્ટ્રવિરોધી બાબતોની ફરિયાદ કરતા આવ્યા છે. ખાલિસ્તાન તરફી 'સતલજ' ફિલ્મ આખી ફેસબુક પર અપલૉડ કરી દેવાઈ. ટ્વિટર, ફેસબુક, યુટ્યૂબ પર જમણેરી લોકોના વિડિયો પર કાં પ્રતિબંધ મૂકી દેવામાં આવે, કાં રીચ ઘટાડી નાખવામાં આવે તેવી બાબતે સરકારનું ધ્યાન દોરાતું હતું, પરંતુ વધુ પડતા ઉદાર દેખાવાના ચક્કરમાં સરકારે બધું ચાલવા દીધું. આજે પરિણામ એ આવ્યું કે ફેસબુક વડા પ્રધાન મોદીનો વિડિયો હટાવવાનું દુસ્સાહસ કરી શક્યું છે. ફિલ્મો/ઑટીટી/કૉમેડી શૉની ભૂમિકા: વિશાલ ભારદ્વાજની ૨૦૦૬માં આવેલી ફિલ્મ 'ઓમકારા'થી ચોખ્ખેચોખ્ખી ગાળોની શરૂઆત થઈ. આવી ફિલ્મોને વાંઢા ઢાંઢાઓએ તેને વધાવી લીધી કારણકે આગળ ઉલાળ નહીં ને પાછળ ધરાળ નહીં. નંગા નહાયેગા ક્યા ઔર નિચોયેગા ક્યા. પોતે ગાળાગાળી કરતા હોય તેમને તો આવી ફિલ્મો ગમે જ. પરંતુ ૨૦૧૪માં કથિત સંસ્કારી સરકાર આવી ત્યાર પછી આ બધું ઓર વધ્યું. ફિલ્મો, ઑટીટી કન્ટેન્ટ, સૉશિયલ મીડિયા પર કથિત કૉમેડી શૉ- કપિલ શર્મા, લેટન્ટ, લવારીમાં અભદ્ર દૃશ્યો, ડ્રગ્સ, માબાપ પર ગંદા જૉકની ભરમાર લાગી. પરિણામે તેનું સામાન્યીકરણ થયું. આ લેખક સહિત અનેક લોકો તેના પર કડક નિયંત્રણો માટે માગ કરતા રહ્યા છે, પણ સરકાર પોતે ઉદાર છે તેવું બતાવવાના પ્રયાસમાં આ બધું જોતી રહી.

મોદીએ લાંબા શાસન માટે નહેરુનો વિક્રમ તો તોડ્યો, પણ નહેરુ જેવી કડકાઈનો ઈતિહાસ સર્જ્યો નથી. આજે પણ સુમધુર લાગતાં ગીતો રેડિયો પર વગાડવા માટે વડા પ્રધાન નહેરુએ પ્રતિબંધ મૂક્યો હતો !

સૉશિયલ મીડિયાએ આલ્ગૉરિધમ રાખી અશ્લીલતા ફેલાવતા રીલોને પ્રોત્સાહન આપવા લાગ્યું. લોકો પણ કમાણી કરવા અશ્લીલ રીલો બનાવવા લાગ્યા. જેન-ઝીના લોકોએ જેન-એક્સના નેતાઓ, જ્યોતિષ, પોલીસ, પ્રિન્સિપાલપના એમએમએસ જોયા છે. આથી જેન-ઝી આવું વર્તન કરે છે તેમ ઢાંઢા વાંઢા ભલે કહે, પણ આંદોલનમાં તો આવું ન જ ચાલે. વડા પ્રધાન અને સેના સામે તો ગાળાગાળી ન જ હોય. હિંસા ન જ હોય.

પોલીસ દ્વારા હિંસાનો ઈતિહાસ: આ પ્રદર્શનોમાં એક પણ, રિપીટ, એક પણ નિર્દોષ વિદ્યાર્થી કે હિંસક પ્રદર્શનકારીનું મૃત્યુ થયું નથી. તોય રાહુલ-અખિલેશ મંડી પડ્યા છે. પેલેટ ગન કેમ વાપરી? જ્યારે ઈંટ અને પથ્થરો ફેંકાતા હોય, મરીનો સ્પ્રે કરાતો હોય ત્યારે પોલીસે પુષ્પવૃષ્ટિ કરવાની હોય? તેમને સંસદ સુધી જતા રોકવાના નહીં?

પરંતુ ૧૯૫૯માં કેરળમાં વામપંથી સરકારમાં વિદ્યાર્થીઓ પર પોલીસ ગોળીબારમાં સાત વિદ્યાર્થીનાં મૃત્યુથી લઈ ૧૯૬૬માં સંસદ પાસે ગોહત્યા પર પ્રતિબંધની માગણી કરતા સાધુ-સંતો અને ગોભક્તો પર ઈન્દિરા ગાંધી સરકારે ગોળીઓ ચલાવી સાતથી ૧૧ લોકોને મારી નાખ્યા, ૧૯૬૯માં તેલંગાણાની માગણી કરી રહેલા ૩૬૯ વિદ્યાર્થીઓને કૉંગ્રેસ સરકારની પોલીસે વિંધી નાખ્યા, ૧૯૭૪માં વિદ્યાર્થીઓના નવનિર્માણ આંદોલનમાં કૉંગ્રેસ સરકારે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને મારી નાખ્યા, કટોકટીમાં ઈન્દિરા ગાંધીના આદેશથી પોલીસની કાર્યવાહીમાં ૧,૭૭૪ મૃત્યુ થયાં, ૧૯૯૪માં ઉત્તરાખંડની માગણી માટે દિલ્લી આવી રહેલા છ નિર્દોષ (સીજેપીની જેમ હિંસક નહીં) પ્રદર્શનકારીઓને મુલાયમસિંહની સરકારમાં પોલીસે મારી નાખ્યા હતા. આવો તો મોટો ઈતિહાસ છે.

નેરેટિવની લડાઈમાં ભાજપ નિષ્ફળ: નેરેટિવની લડાઈમાં ભાજપ ૩૭૦, શ્રી રામમંદિર કે ત્રિ-તલાકને બાદ કરતાં માર જ ખાય છે. સંઘ પણ. સંઘ સામે ગાંધી હત્યાથી લઈને સ્વતંત્રતા આંદોલનમાં ભાગ નહીં લેવાના આક્ષેપો થતા રહ્યા છે. વીર સાવરકરે રણનીતિપૂર્વક નહેરુની જેમ ક્ષમા માગી હતી તેને મુદ્દે પણ ઢાંઢા વાંઢાઓ ભ્રમ ફેલાવતા રહ્યા છે. પરંતુ સીએએ હોય કે ખેડૂત આંદોલન, કે વર્તમાન પેપર લીકનું આંદોલન, ભાજપ સરકાર સમયસર દોષિતો સામે પગલાં નથી લેતી. વડા પ્રધાન પોતે નિવેદન આપવામાં ખૂબ મોડું કરે છે. આંદોલનમાં સરકારના પ્રતિનિધિઓને મોકલવામાં પણ ખૂબ મોડું કરે છે.

સીએએ સામે વિરોધ પ્રદર્શન ઉગ્ર બન્યો પછી બધું બહાર આવ્યું કે અગાઉ અટલ સરકારમાં વિપક્ષના નેતા તરીકે મનમોહનસિંહે આ જ માગણી કરી હતી, એનઆરસીનું વચન રાજીવ ગાંધીનું હતું. ખેડૂત આંદોલનમાં બહાર આવ્યું હતું કે રાહુલ ગાંધીએ ૨૦૧૯માં આ જ વચન આપ્યું હતું અને બિહાર, કેરળમ્ અને મણિપુરમાં એપીએમસી નથી અથવા ખેડૂતો એપીએમસીની ચુંગાલમાંથી મુક્ત છે. પેપર લીક રાજસ્થાનમાં કૉંગ્રેસ શાસનમાં પણ થતાં હતાં અને પંજાબમાં આઆપ સરકારમાં તો વર્તમાનમાં થયું છે. જો ભાજપે આ મુદ્દાઓ રાષ્ટ્રીય સ્તરે પહેલાં જ ઉછાળ્યાં હોત તો ભાજપ વિરુધ્ધ નેરેટિવ ન બનત.


ભાજપના નેતાઓ, વીસી સામે બહાદુરી બતાવતા એબીવીપીના નેતાઓ હોય કે સંઘ-ભાજપની કૃપાથી વી. સી. કે અન્ય પદો પર સત્તાસુખ ભોગવતા લોકો "અમે આને મળ્યા, અમને આ કામ કરવાનું સૌભાગ્ય મળ્યું" માત્ર તેવી પૉસ્ટ જ મૂકશે. અંદરખાને ચમચાગીરી કરી આવશે કે ખોટું થયું. પણ વિચારધારાના મુદ્દે, ઈતિહાસ શોધીને, સત્ય લખતા ડર લાગે છે કે સરકાર બદલાઈ જશે તો?

વર્તમાનમાં પ્રિયંકા ગાંધી વાડ્રા જોરશોરથી પેપર લીક માટે ધર્મેન્દ્ર પ્રધાનને ઉત્તરદાયી ગણાવતાં હતાં પણ અગાઉ ગહલોત સરકાર હતી ત્યારે ત્યાં જઈ તેઓ એમ કહેતાં હતાં કે પેપર લીકને કોણ રોકી શકે? અશોક ગહલોત એમ કહેતા હતા કે આ તો વિદ્યાર્થીઓની ગૅંગ જ પેપર લીક કરે છે ! વિચારો, ધર્મેન્દ્ર પ્રધાન કે નરેન્દ્ર મોદીએ આવું કહ્યું હોત તો? વિરોધીઓ તૂટી પડત.

દર વખતે ભાજપ સરકાર સાચી નથી હોતી તે સ્વીકાર્યું. આ જ કૉલમમાં યુજીસી, નીટ અને સીબીએસઈ મુદ્દે ધર્મેન્દ્ર પ્રધાન સામે અને ભાજપ સરકારમાં અત્યાર સુધી નબળા શિક્ષણ પ્રધાનો આવ્યા તે મુદ્દે લખ્યું હતું. વર્તમાન આંદોલનનો મુદ્દો સાચો જ હતો, મોંઘું શિક્ષણ, અનિયંત્રિત ભાવ વધારો, સ્માર્ટ મીટર, ખેતરમાં ટ્રાન્સફૉર્મર મુદ્દે વળતર જેવા બીજા અનેક મુદ્દા છે. પરંતુ પેપર લીક વિરોધના નામે જે થયું તે ખોટું હતું. બાંગ્લાદેશ અને નેપાળ જેવું કરવાની વાત હતી. અને ધર્મેન્દ્ર પ્રધાનના ત્યાગપત્રથી શું સિસ્ટમ સુધરી જશે? લાલબહાદુર શાસ્ત્રીએ ટ્રેન અકસ્માતો માટે ત્યાગપત્ર આપ્યો તે પછી ટ્રેન અકસ્માતો બંધ થઈ ગયા?

આંદોલનનો સમય: આ આંદોલન એવા સમયે થયું જ્યારે સંસદમાં એફસીઆરએ વિધેયક લાવીને દેશ વિરોધી, પંથાંતરણ કરતી એનજીઓને વિદેશી ફંડ બંધ કરાવવાનું કાર્ય થવાનું હતું. સોનમ વાંગ્ચુકની સેકમૉલ સંસ્થાની વેબસાઈટ પર તેને ડેનચર્ચ ઍઈડ તરફથી ફંડ મળે છે તે લખાયેલું છે. ડેનમાર્કની આ એનજીઓ કથિત રીતે કામ તો ગરીબોને સહાય આપવાનું કરે છે, પરંતુ તેણે ડેનમાર્કે ઈઝરાયેલને શસ્ત્રો પૂરાં પાડ્યાં તેની વિરુદ્ધ ત્યાં કેસ કરેલો છે. સેકમોલને હજુ ત્રણ જ વર્ષ થયાં હતાં ત્યારે તેની વાત અમેરિકા કેવી રીતે પહોંચી ગઈ કે રેબેકા નૉર્મન અમેરિકાથી ૧૯૯૨માં કાશ્મીરમાં ત્રાસવાદ ચરમસીમાએ હતો ત્યારે લેહ આવી અને પછી સોનમને પરણી ગઈ? તે બંનેની એકેય તસવીરો કેમ નથી? રેબેકા જે સ્કૂલ ફૉર ઈન્ટરનેશનલ ટ્રેઈનિંગમાં ભણી તેને સીઆઈએ સાથે શું સંબંધ તે બધું સ્મરણમાં રાખવું જોઈએ. તદુપરાંત પીઓકેમાં ચળવળ સ્વતંત્રતાની એરણે પહોંચી હોય અને તેથી પાકિસ્તાન ધ્યાન ભટકાવવા ભારત સામે યુધ્ધનું છમકલું કરી શકે તેવી સ્થિતિ હોય ત્યારે દેશમાં ગુરુદ્વારાઓમાં અને ગામેગામ 'સતલજ' દેખાડી અને સીજેપીના વિરોધ પ્રદર્શન થકી અરાજકતા ફેલાવાય તે યોગ્ય છે? ■ jaywant.pandya@gmail.com

# સંબંધો ખાટા થઈ જાય તે પહેલાં કેવા સ્વાદના હોય છે ?


હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧)મોબાઈલ હાથમાંથી મૂકવાનો કોઈ ઉપાય?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
હા સામે રાખીને જોઈ શકાય એવા સ્ટેન્ડ બજારમાં મળે છે.

(૨)એકનું એક ખાઈ ને કંટાળી ગયો છું. હવે શું કરવું?
જયંતિભાઈ ઉકાભાઈ (દેવળીયા)
બેનું બે ખાઓ.

(૩)ગેસ લીકેજની તરત ખબર પડે એટલે તેમાં ખરાબ ગંધનુ દ્રવ્ય મિક્સ કરવામાં આવે છે; સારી ફ્લેવર મિક્સ કરે તો ?
કનુભાઈ પરમાર (દામનગર)
તો સ્ત્રીઓ રાંધે ઓછું ને સુંઘે વધુ.

(૪)તમને તબલા પેટી વગાડતા આવડે છે ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
પેટીના તબલા વગાડતા આવડે છે..

(૫) સાહેબ..! સમાજ એટલે શું..?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
નિશાળમાં ભણાવાતું એક પાઠયપુસ્તક જેનું આખું નામ સમાજવિદ્યા છે, એને ટૂંકમાં વિદ્યાર્થીઓ 'સમાજ' કહે છે.

(૬)સાહેબ! સો મણનો સવાલ એટલે શું?
ધોરાજીયા ઘનશ્યામ એન (સાજણટીંબા)
તમારો સવાલ સો મણનો જ છે. વાંચી જુઓ.

(૭)માણસને સૌથી વધારે શિખ કોણ આપે?
ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
ડૉક્ટર.. આમ કરજો ને આમ તો ન જ કરતાં!

(૮)સંબંધો ખાટા થઈ જાય તે પહેલાં કેવા સ્વાદના હોય છે?
પંકજ ચૌહાણ (વીરનગર)
ખાટામીઠા! બાય ધ વે, કોઈક સાથે ખાટા થયા લાગે છે(આ તો ખાલી પૂછું છું)!

(૯)જો રડવાથી દુ:ખ ઓછું થઈ શકતું હોય તો હસવાથી સુખ બેવડાતું કેમ નથી?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
બેવડાય જ છે, એટલે તો આપણે કહીએ છીએ કે હસીહસી ને બેવડ વળી ગયા!

(૧૦)હું ગળ્યું ખાઉં તો પણ ખાટા ઓડકાર આવે છે એનું કારણ શું હશે?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
તમારી અંદર લીંબુડી ઊગી હશે!

(૧૧)પગમાં જોડો તો માથામાં?
રમાબેન પટેલ (અમદાવાદ)
ખોડો.

(૧૨)એકલા એકલા દરિયે જઈ ને શું કરવું?
દર્શન પટેલ (વડોદરા)
સેલ્ફી લેવી.

(૧૩)કભી અલવિદા ના કહેના તો જાય એને શું કહેવું?
ટાટા.. બાય બાય.. આવજો..!

(૧૪)નિવૃત્તિ પછી મળતા મફતના સમયમાં માણસ સૌથી મોટો કયો 'કોર્સ' કરે છે?
જે. એ. ગોહેલ (અમરેલી)
ડિપ્લોમા ઈન ટાઈમપાસ!

(૧૫)હાસ્ય કવિ અને સામાન્ય કવિમાં તમને શું ફરક લાગે છે? બાલુભાઈ કિકાણી (લીલિયા)
હાસ્યકવિની કવિતા રડવું આવી જાય એવી હોય છે અને સામાન્ય કવિની કવિતા હસવું આવી જાય એવી. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો.**

# લોકશાહી – વડાપ્રધાનને ગાળો બોલવા સુધી.....


રાજકીય રસધાર

પ્રવીણ માધાણી


ગુજરાતી અને હિન્દીમાં એક શબ્દ છે... સહિષ્ણુતા. અંગ્રેજીમાં શબ્દ છે... ટોલેરન્સ. સીધો સાદો અર્થ કરવો હોય તો સહનશક્તિ, ધીરજ કે પરસ્પર આદર એવો કરી શકાય. તમારી બીજાને જગ્યા આપવાની અને સહન કરવાની ક્ષમતા જેવો થોડા ઊંડાણનો અર્થ સહિષ્ણુતા શબ્દનો કરી શકાય છે. આ શબ્દનો અર્થ ભગવાન શ્રીકૃષ્ણએ ધ્રુતરાષ્ટ્રની સભામાં પોતાના આચરણ દ્વારા આપ્યો છે. શિશુપાલ દ્વારા સો ગાળ ભગવાન દ્વારા માફ કરવામાં આવી હતી. ત્યારબાદની એક વધારાની ગાળ શિશુપાલ દ્વારા આપવામાં આવતા ભગવાને સુદર્શન દ્વારા શિશુપાલનો શિરચ્છેદ કરી નાખ્યો હતો. ભારતની સડકો પર આજે અનેકો શિશુપાલ ઉતરી પડ્યા છે, જે ભારતને નફરત કરે છે, જેટલી શિશુપાલ ભગવાન શ્રીકૃષ્ણને કરતો હતો. જંતરમંતર જેવી જગ્યાઓ પર છાસવારે ભેગા થઈ જતા રાજકીય લંગરો અને બોટીઓ પર નભતા, વામપંથી વિચારધારા ધરાવતા આ જંતુઓ ત્યાંથી કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે વ્યવસ્થાને બેફામ ગાળો ભાંડતા રહે છે. દેશના વડાપ્રધાનને માં બેન સમાણી ગાળો બોલતા આ શિશુપાલો એવું રંડીરોણું પણ કરી રહ્યા છે કે આ દેશમાં બોલવાની આઝાદી નથી, જેમ એના નપુંસક કરોડરજ્જુ વિનાના રાજકીય આકાઓ લોકસભામાં કહી રહ્યા છે કે આ દેશમાં લોકશાહી નથી. જે સમાજવાદી પક્ષે ઉત્તરપ્રદેશમાં નકલકાનૂનનો વિરોધ કર્યો હતો અને એમની સરકાર આવતા નકલકાનૂન રદ કર્યો હતો, બાકાયદા સમાજવાદી પક્ષે એ સમયે પોતાના ચૂંટણી ઢંઢેરામાં નકલકાનૂન રદ કરવાનો વાયદો કર્યો હતો એ પક્ષનો નેતા પેપરલીક મુદ્દે સંસદમાં બેધડક સરકારને સંભળાવી રહ્યો છે. ચાર છ મહિના શરાબ કૌભાંડમાં જેલમાં રહી ચુકેલો અને જેલમાંથી મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળવાની એક લોકશાહીના કાળાધબ્બા જેવી નૈતિક અધ:પતનની પરંપરા ઉભી કરવાનો પ્રયત્ન કરનાર એક ભૂતપૂર્વ મુખ્યમંત્રી આ હિંસક જંતુઓને કહે છે કે અમે તમને જેલમાં નહિ રહેવા દઈએ....

સુપ્રીમ કોર્ટના એક જજની કોઈ ટીપ્પણી પર એક સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મ પર વિદેશમાં બેઠેલી એક વ્યક્તિ દ્વારા એક એકાઉન્ટ બનાવવામાં આવે છે, જેના પર થોડા દિવસોમાં ખુબ મોટી સંખ્યામાં ફોલોઅર બની જાય છે, એવું પણ કહેવાય છે કે આ ફોલોઅરમા પણ મોટી સંખ્યામાં બનાવટી હતા, એ અચાનક ભારતમાં ઉતરી આવીને આખા દેશને બાનમાં લઈ લે છે. જે મુદ્દા પર દેશના વડાપ્રધાને પોતે રસ લઈને નિરાકરણની તમામ ખાતરીઓ આપી છે, કાયદો ઘડવાથી લઈને જવાબદારો સામે કાર્યવાહી જેવા અમલીકરણ દેશ સમક્ષ મૂકી દીધા છે, તેમ છતાં આવા અમુક હરામખોરોને દેશના વડાપ્રધાનના વાયદા પર પણ ભરોસો નથી. આ બધા રાજકીય ઈશારાઓ પર અને દેશ વિરોધી સંગઠનોના ફંડિંગ પર ચાલતા નભતા તત્વો હોય છે. ભારતનું સર્વોચ્ચ વિધાનગૃહ, લોકસભા તરફ, કે જે સુરક્ષાની દ્રષ્ટીએ દેશનો સૌથી સંવેદનશીલ વિસ્તાર છે, ત્યાં પોલીસની મંજૂરી વિના અરાજક અને હિંસક રીતે આગળ વધે છે. લગભગ સાત બેરીકેટ તોડીને એકસો અઢાર સુરક્ષાકર્મીઓને ઘાયલ કરીને છેક છેલ્લી બેરીકેટ સુધી આ અરાજક અને અનિયંત્રિત ટોળું પહોચી જાય છે. સુરક્ષાકર્મી પાસે બળપ્રયોગ સિવાય કયો વિકલ્પ બચે છે ? જરા વિચાર કરી જુઓ આ અરાજક ટોળું જો સંસદમાં ઘુસી જાય અને તેમાં કોઈ અસામાજિક તત્વો હોય, જો કે એમાં ઘણાખરા હોવાનું બધા કહી પણ રહ્યા છે, તો દેશની સંસદની શું હાલત થાય ? દેશની સંસદ પર એક વખત આતંકવાદી હુમલો થઈ ચુક્યો છે. આ લોકોનો એજન્ડા અને ધૃષ્ટતા ત્યાં ખુલ્લી પડે છે, જયારે સુપ્રીમ કોર્ટ દ્વારા કહેવામાં આવે છે કે આ આંદોલન દરમિયાન થયેલી હિંસામાં નિર્દોષ વિદ્યાર્થી પર કોઈ કાર્યવાહી થવી જોઈએ નહિ, પણ હાં, જે વિદ્યાર્થી નથી, અસામાજિક તત્વ છે, જેના પર ઓલરેડી કોઈ ગુનાઓ અંગે કાર્યવાહી ચાલી રહી છે, પોલીસ તેમના પર એક્શન લઈ શકે છે. આ તદ્દન બંધારણીય વાત છે. આવા આંદોલનની આડમાં પોતાના અસામાજિક અને ક્રિમીનલ ઉદ્દેશો સિધ્ધ કરવા પ્રયાસો કરી રહ્યા હોય, એવા તત્વોને ડામવા જરૂરી બની જાય છે, એટલે માટે જ સુપ્રીમ કોર્ટ દ્વારા આ નિર્દેશ આપવામાં આવ્યો. પરંતુ કોન્ક્રોચોના દોગલાપાણું અને નાગાઈની હદ જુઓ... આ કોન્ક્રોચો દ્વારા સુપ્રીમ કોર્ટના આદેશને માનવાનો ઈનકાર કરવામાં આવી રહ્યો છે. ગમે તેવો ડામીશ અપરાધી હોય, તેના પર કોઈ કાર્યવાહી થવી જોઈએ નહિ, આવી માંગણી કરીને આ કોન્ક્રોચો દેશની સામાજિક વ્યવસ્થાને કુઠારાઘાત મારી રહ્યા છે. એવા તત્વોને પ્રોત્સાહન આપવા માંગી રહ્યા છે જે હકીકતમાં અસામાજિક છે. આ લોકોની હિંમત તો જુઓ, આવા અપરાધીઓને બચાવવાના મુદ્દા પર ત્રણ ચાર કોન્ક્રોચ એકસો ચાલીસ કરોડ જનતાની ચૂંટાયેલી સરકારને રીતસર ધમકી આપે છે. આ લોકોની મંશા એક જ છે, દેશમાં કોઈપણ ભોગે અરાજકતા અને અસ્થિરતા ઉભી કરવી. દેશના વિદ્યાર્થીઓ કે એમના હિત સારું આ લોકોના દિલમાં કોઈ લાગણીઓ નથી. સરકારે માંગણીઓ સ્વીકારી લીધા બાદ આ વાંદાઓ હોટલોમાં વેસ્ટર્ન મ્યુઝીક પર નાચતા રહ્યા હતા... એમના દાવા મુજબ નીટ મુદ્દે વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી... તો એમના મૃત્યુ બદલની સંવેદના ક્યાં ગઈ ? આ બધા ભારત વિરુધ્ધની એક આંતરાષ્ટ્રીય ટૂલકીટનો એક હિસ્સો છે, જેનો હિસ્સો વારંવાર ભેદી વિદેશગમન કરતા દેશના એક નેતા પણ હોવાનું માનવામાં આવી રહ્યું છે. આવનારા સમયમાં આ દેશવિરોધી ભાંગફોડીયા લોકોનો અને એમની પાછળ રહેલી દેશને અસ્થિર જોવા માંગતી દેશી વિદેશી તાકતોનો ચહેરો બેનકાબ થવાનો જ છે. દેશની જનતા આ બધું જોઈ રહી છે. આવા જ આંદોલનમાંથી ઉભી થયેલી એક રાજકીય પાર્ટીની પગ નીચેથી જમીન પ્રજાએ ખેંચી લીધી છે. દેશ વિરોધી મંશાઓ હવે આવા છીછરા હથકંડાથી પાર પડી શકે તેમ નથી. ટૂંકાગાળા માટે તમે કદાચ નાનોમોટો વિજય મેળવી પણ જશો, પણ એ માનવાની ખુશ્ફહેમી પાળતા નહિ કે દેશને અસ્થિર કરી નાખશો. આજે દેશનું સુકાન જેના હાથમાં છે એ આંતરરાષ્ટ્રીય ગાળો ખાઈને મોટા થયેલ છે, આંતરરાષ્ટ્રીય ષડ્યંત્રોના સાત કોઠા વીંધીને ત્યાં બેઠેલા છે, તમારા જેવા મગતરાઓ અને પામર જંતુઓની ગાળો એમના માટે કોઈ વિસાતમાં નથી. અને દેશની પ્રજા એટલી પરિપક્વ છે કે તમારા જેવા તત્વોના લક્ષણ પારણામાંથી જ પારખી લે છે. નહીતર જેની સત્તા યાવદ્‌ચન્દ્રદીવાકરો તપતી હતી એ પક્ષ અને તેનો નેતા સો ચૂંટણીઓ હારી જાય અને સત્તા માટે છટપટી ઉઠે એ સંભવ નથી. આ તો એ દેશ છે જ્યાં પ્રજાદ્રોહ કર્યો હતો એ શહેનશાહ ઔરંગઝેબને પણ મોત બાદ શહેનશાહની શાન રહે એવી જગ્યા કબર માટે મળી નહોતી અને એક તદ્દન અવાવરું જગ્યાએ દફન થઈ જવું પડ્યું હતું.

ક્વિક નોટ – વ્યક્તિને અમર્યાદ સ્વાતંત્ર્ય ક્યારેય ન હોવું જોઈએ, રાષ્ટ્રને અમર્યાદ સ્વાતંત્ર્ય હંમેશા હોવું જોઈએ. – સુન-યાત-સેન. ■

production@infiniumpharmachem.com

# અચાનક એજ વખતે બહારથી અવાજ આવ્યો અને અટકાડેલું બારણું હળવેકથી ખૂલ્યું




રાગ - વૈરાગ - ૩૪

પ્રિય વાચક મિત્રો, આ સાથે ૩૪ હપ્તાની સફર પૂરી કરીને મારી નવલકથા "રાગ વૈરાગ"અહી પૂરી થાય છે. આપને નવલકથા કેવી લાગી તેના પ્રતિભાવ મારા મોબાઇલ નંબર ઉપર મળશે તો ગમશે.
યોગેશ પંડ્યા
૯૨૬૫૦ ૬૮૫૨૭

લઘુનવલકથા
યોગેશ પંડયા

અચાનક એજ વખતે બહારથી અવાજ આવ્યો અને અટકાડેલું બારણું હળવેકથી ખૂલ્યું . એક પડછાયો ત્યાં ઊભો હતો.

"કોણ છે?" આનંદે રૂપથી ત્વરિત અળગા થતા ચોંકીને.પૂછ્યું. તો પડછાયો બોલ્યો,"મારી ઓળખાણ ના પડી? મને જ ભૂલી ગયા?" અને આનંદ રૂપા બન્ને ઊભા થઈ ગયા. પડછાયો હવે બારણા પાછળથી પ્રગટ થયો અને આનંદે જોયું તો... તેની આંખો પહોળી થઈ ગઈ. જોયું તો પૂજા હતી. પડછાયો બીજો કોઈનો નહોતો પણ પોતાના કાળજાના કટકાનો હતો. અને નજર.સામે મંદ મંદ મલકતી પૂજા હતી. - પૂજા, દીકરી તું? આનંદ હજી આશ્ચર્યાઘાતમાં જ ડૂબેલો હતો.તેણે ફરીને એ જ ભાવ સાથે પૂછ્યું,"પૂજા, તું?" જવાબમાં પૂજા હસી પડી,"હા,પપ્પા હા! હું પૂજા જ છું. પૂજાનું ભૂત નથી તે તમે આમ ડરી ગયા છો અને.ઘડીએ ઘડીએ પૂછો છો .કે પૂજા તું? પૂજા તું?..પપ્પા,તમારી સામે તમારી દીકરી સદેહે ઊભી છે.બીક લાગતી હોય તો મને સ્પર્શી જુઓ. એટલે તમારો વ્હેમ દૂર થાય..!"

એટલું બોલીને પૂજા આનંદ ને સ્મિતવંતા ચહેરે તાકી રહી.અને પછી તેની નજર રૂપા ઉપર પણ સ્થિર થઈ.રૂપા ની નજર બીકથી,શરમથી અને હવે પોતાની ઉપર આવી પડનાર આઘાતની આશંકાથી નીચે ઢળી ગઈ. આનંદ હવે કંઈક સ્વસ્થ થવા મથ્યો.પણ થઈ ના શક્યો.કેમ કે એક દીકરીએ આજે પોતાના બાપને એક અજાણી સ્ત્રી સાથે બંધ બારણે જોયો હતો.અને એ બાપ,એ દીકરીની નજરમાં આજ સુધી નિષ્કલંક,નિષ્પાપ, ડાઘ વગરનો અને એકદમ પવિત્ર હતો.એ બાપ આજે બંધ બારણે માં સિવાયની કોઈ પરસ્ત્રી ના ખોળામાં માથું રાખીને સૂતો હતો. કદાચ એ.દ્રશ્ય પૂજાએ જોઈ પણ લીધું હોય અને પાછું ફરી ગઈ હોય.અને પછી બારણું અવાજ કરીને ખોલ્યું હોય.કારણ કે બારણું તો ખુલ્લું જ હતું.એને સ્ટોપર દેવાનું જ પોતે ભૂલી ગયો હતો.અને પછી તો..રૂપા સાથેની વાતચીતમાં ,વાતો કરતા કરતા ક્યારે લાગણીના વહેણમાં તણાઈ ગયો એ જ ખબર ના રહી. પણ હવે દીકરી શું ધારશે? દીકરીની નજરમાં પોતે પહેલા જેવો જ પવિત્ર રહી શકશે?..

તેનું હૃદય થડક થડક થવા લાગ્યું. તેણે કોઈ પાપ કર્યાના ભાવથી દીકરી સામે જોયું,તો દીકરી તો મંદ મંદ મુસ્કુરાતી હતી.મલકતી હતી. "પૂજા.." તેનાથી અવશપણે બોલાઈ ગયું,:" તું....?" પણ વાક્ય અધૂરું રહી ગયું. - હા, પપ્પા હું."પૂજા હસી પડી:× હજી કાઈ શંકા છે?"

"ના ,ના..એમ નથી કહેતો.પણ તું અત્યારે?..તમારો. તો મસૂરી બાજુનો કાર્યક્રમ હતો ને? કેમ..કેમ..તું મસૂરી ના ગઈ?" "અરે, પપ્પા..આ મોસમ જવા દે તો જાઉંને ? .. ચારેબાજુ વરસાદ છે ત્યાં..રસ્તો ય બ્લોક કરી દીધો છે.અમે વરસાદ બંધ થાય તેની ખૂબ રાહ જોઈ.પણ વરસાદ બંધ થાય તો ને? અહીંયા તો જરાય વરસાદ નથી. જરાતરા ફરફર છે.પણ મસૂરી બાજુ તો વાદળા રમણે ચડ્યા છે. અમે મસૂરી ના રસ્તે ઘણે આગળ નીકળી ગયા હતા.

પણ વરસાદ અમારો દુશ્મન થઈને ઊભો હતો.અને.થોડા સમય પછી રૂરલ રોડ ઓથોરિટી એ જ અમને કહી દીધું કે હવે આગળ નહીં જઈ શકો. એટલે અમે ઉદાસ થઈને ગાડી વાળી.બીજા મિત્રોને એમના ઉતારા એ મૂકીને હું ય આપણી ધર્મશાળા એ પાછી ફરી.." "પણ અફસોસ રહી ગયો મને.. હવે તું ક્યારે આવીશ પાછી?.." આનંદ માથું ધુણાવતા નિરાશ થઈને બોલ્યો,"વરસાદ કાલે રહે એમ નથી?? તારા ફ્રેન્ડસ ને કહી દે ને કે કાલનું નક્કી કરી નાખે.. આજ તો વરસાદનું વિઘન આવી ગયું.એ ય ઓચિંતાનું..! આ અહીયા વરસાદ આવશે એવું તો મેં ય ધાર્યું નહોતું બેટા, અફસોસ છે મને,કે મારી દીકરી ખાસ મસૂરી ફરવા તો આવી હતી!"

જવાબમાં પૂજા ,રૂપા ઉપર એક નખશિખ નજર નાખતા હસતા હસતા બોલી," ભગવાન જે કંઇ કરે છે એ સારા માટે જ કરે છે. સારૂ કર્યું. જઈ ન શકાયું. વરસાદ નડયો. ખૂબ નડયો. પણ જયારે વરસાદ નડ્યો ત્યારે તો ખૂબ ખીજ ચડી હતી. પણ અત્યારે લાગે છે કે ઈશ્વરે જે કર્યું છે એ ખૂબ જ શુભ કર્યું છે.

જે કંઈ થાય છે એ સારા માટે જ થાય છે.. પપ્પા!.. એમ કહીને બન્નેની સામે આવીને ઊભી રહી. અને પછી બોલી : એક જીવતરની વારતા...અધૂરી રહી ગઈ હતી ને? આજે ખબર પડી. છેક આટલા વરસે....! અને એનું છેલ્લું પ્રકરણ લખવા માટે જ ભગવાને વરસાદનું વિઘન ઊભું કર્યું . હું જો મસૂરીમાં હોત તો તો મને કોઈ ખબર જ ના પડેત કે એક જીવતી જાગતી કહાની અકારણ અધવચ્ચે અને અંતરિયાળ મૃત્યુ પામી છે..!!. હું જો અધૂરી સફર છોડીને પાછીના આવી શકી હોત તો મને ખબર જ ના હોત કે મારા પપ્પાની જીવન સફર તો સાવ અધૂરી છે. હું માત્ર મસૂરીના જઈ શકી એનું દુઃખ મને ભારોભાર થયું હતું. દિલમાં પીડા થઈ હતી.પણ તમે તો પપ્પા, એ પીડા લઈને આખી જિંદગી જીવ્યા..જીવ્યા કરતા જીવી લીધું એમ કહીશ તો વધારે બેટર ગણાશે. મને તો ખબર જ નહોતી કે મારા પિતાની જીવનસફર તો સાવ અધૂરી છે. એ સફરમાં જે સાથ આપવા ઈચ્છતું હતું એ પાત્રને તો સમાજ,માવતર અને કહેવાતા રીતિ રિવાજોએ જિંદગીમાંથી ઝૂંટવી લીધું હતું, અળગું કરી દીધું હતું, મારી નાખ્યું હતું.અને મારો બાપ તો ય હસતા હસતા પોતાની જિંદગીની સફર એકલો એકલો કાપી રહ્યો હતો.હા, એને પત્ની મળી હતી, મારી મા રૂપે,મારી જનેતા રૂપે પણ હું સમજણી થઈ ત્યાં સુધી તો એ સ્ત્રી મારા બાપને સમજી શકી જ નહોતી.. "પૂજા..પ્લીઝ.." હા પપ્પા,દુઃખ તો મને ય થાય છે કે એ હવે દિવંગત છે.તેની પુણ્યસ્મૃતિ વાગોળવાની હોય પણ વાસ્તવિકતા માણસ મૃત્યુ પામે તો ય મટી જતી નથી.તમને દુઃખ થાય એ સ્વાભાવિક છે.કેમ કે એ હવે મૃત્યુ પામી છે.! પણ જે છે એ ક્યાં મટી જવાનું છે?! તમે એની ખૂબ સેવા કરી મને ખબર છે.હું જાણું છું.અને એ જ્યારે તમને સમજી શકી ત્યારે એના છેલ્લા શ્વાસ ચાલતા હતા.એ ચંદ દિવસોની મહેમાન હતી ત્યારે એણે તમને કહ્યું કે મારી ભૂલ થઈ.પણ ત્યારે શું? આખી જિંદગી તો તમે એની મન,વચન અને કર્મની સેવા કરી જ ને? ક્યારેય એવું ના લાગવા દીધું કે તમે એના હમસફર નથી,હમદર્દ નથી.અને એ ચાલી ગઈ. પપ્પા! પાછળ વધ્યા તમે.! પણ તમારા એકલવાયા જીવનમાં .

તમે.કોઈને પ્રવેશ ના.આપ્યો,બાકી પુરુષ ને ક્યારેક તો કોઈ સ્ત્રી ની ખોટ સાલે! એ પણ કોઈ સાથી ઝંખે. એને પણ કોઈ સ્વપ્ન આવે.કોઈ વાર એવું થાય કે પોતાની સાથે કોઈ ચાલવાવાળું હોય.પણ તમે તો એ બાજુ એકદમ કોરી અને પવિત્ર જ રાખી.ક્યારેય પણ મને જોવા ના મળ્યું,કે. સાંભળવા ના મળ્યું કે ન તો તમે કોઈ સ્ત્રી પ્રત્યે એવી નજરથી જોઈ.ઊલટાનું લોકો તમારી, મારી મા.પ્રત્યેની વફાદારી અને સેવાને યાદ કરે છે.તમે તો બસ,મારાં જ ઉછેરમાં જિંદગી સમર્પિત કરી દીધી.અને પરિણામે મારી જ નજર સામે એક અધૂરી કહાનીના પાત્ર ને હું ઓળખી ના શકી.પણ પપ્પા,આજે...મારે એ કહાનીને આગળ વધારવી છે..

"પૂજા બેટા, તું શું બોલે છે દીકરા?" આનંદ લાગણીવશ થતાંપૂછી રહ્યો હતો:"કઈ કહાણી અને કઈ વાત બેટા?"

"એ કહાણી..જે અધૂરી રહી છે.એ કહાણી,જેનો સમાજ દુશ્મન બની બેઠો હતો.એ કહાણી..જેના વલવલતા પાત્રો મારી નજર સામે જ છે!"

"બેટા, એ ગઈ ગુજરી ની વાત છે. દીકરી, ઠરી ગયેલા ધુણા ફરીને પ્રગટે નહીં દીકરા.."

"એ ધૂણામાં એકાદ બે અંગારા કોઈની વાટે પડ્યા પડ્યા બુઝાયા વગરના રાખ નીચે ઢબૂરાઈને પડ્યા જ હોય છે. પપ્પા! માત્ર રાખને સંકોરવાથી એ ધૂણા ફરીવાર પ્રગટી ઊઠે છે.પપ્પા! સમયને પાંખો હોય છે ભલે; પણ ક્યારેક અધૂરી વારતાના પાના વચ્ચે સમય, બરફનું ચોસલું બનીને થીર થઈ ગયો હોય છે! અને કહાની ને લખ્યા પછી અધૂરી લાગે તો તેનો લેખક ફરીવાર એ કહાણી લખતો હોય છે. આજે મારે લખવું છે પપ્પા...!

"....તમે જે તમારા જીવતરમાં પહેલી વાર જેને માટે માળો ગૂંથ્યો હતો એ માળામાં આજે કુંભઘડો મારે મૂકવો છે. પપ્પા! વરસોથી અવાવરૂ પડી રહેલી દિલની મઢૂલીને સાફસૂફ કરીને અંદર બે મૂર્તિને સ્થાપવી છે. કહેવાય છે કે કન્યાદાન તો મા અને બાપ બન્ને ભેગા થઈને જ આપી શકે છે. કેમ કે દીકરી એ બન્નેના શરીરનો પિંડ છે."

"આજે ભલે મારી સગી જનેતા નથી પણ.. મા મને મળી ગઈ છે. તમારા રૂપે!... તો મારી મા બનશોને?" તેણે રૂપાના બન્ને હાથ પોતાના હાથમાં લીધા અને પોતાના માથા ઉપર મૂકી, આંખોમાં આંખો નાંખી બોલી : મા...! તને કહું છું..મારી મા!"

- જે શબ્દ સાંભળવા વરસોનો વલખાટ હતો એ શબ્દ પૂજાના મોઢે સાંભળી રૂપાના હૈયાના કપાટ ખુલી ગયા અને નેણાં છલકાઈ ગયા. પૂજાએ ફરીને કહ્યું: 'હવે તો મારા પપ્પાને છોડીને નહી જતા રહેશો ને મારી મા?!'

'અરે પણ-'

'મેં તમારી બધી જ વાતો સાંભળી લીધી છે. અને આ ઘરમાં ફરી એકવાર તમારાં પગલાં પાડો. મને તારી જેવી માં ની જરૂર છે, કે જ્યારે સાસરે થી પપ્પાને મળવા આવું ત્યારે હવે મારા પપ્પાનું મોઢું નિમાણું નહીં હોય!"

-એમ કરીને પૂજા રૂપાના ચરણ કમળમાં ઝૂકી ને પછી હાથ જોડીને ઊભી રહી : "વરસો પછીય એક માળો ફરી પાછો ગૂંથાય એવી પપ્પાની આંખોમાંય એવી લાગણી મેં વાંચી છે. એ પંખી તમે છો. એકવાર મારી માં બનીને આવો ને? હવે સમાજને, રીતિ-રિવાજોને અને દરેક પડકારોને હું જોઈ લઈશ. એ ચિંતા કરો મા! પણ તમારા અને પપ્પાના મળીને ચારેય હાથ મને સાસરે વળાવશે તો જ હું સાસરે જઈશ.બાકી, જીવતર તો હું ય તમારી જેમ કાઢી નાખીશ..કહીશ કે રાગ શું? વૈરાગ શું? અનુરાગ શું? આ તો બધું ઈશ્વર નિર્મિત છે.! રાગ ને જો તમે વાસનાની દ્રષ્ટિએ જુઓ તો પછી એ કહો કે રાધાને કૃષ્ણ પ્રત્યે શું હતું? મીરાને માધવ પ્રત્યે શું હતું? ફરક શબ્દોનો જ છે.ભગવાન પ્રત્યેની ભક્તિને વૈરાગ કહો તો ભગવાન પ્રત્યેની પ્રીતિ શું રાગ છે? અનુરાગ છે?! મૂળ તો ઈશ્વર પ્રાપ્તિની રમણા જ છે ને? .. હવે એ કહો, એક વાર થયેલા રાગ કે અનુરાગને તમે કઈ રીતે મુલવી શકશો?'

લાગણીનો ટકરાવ રૂપાને ખળભળાવી ગયો. એ પૂજા સામે તાકી જ રહી. અજબ ખેંચાણ હતું એની આંખોમાં! જો હોત, તો આવડીજ અને આવી જ દીકરી પોતાને પણ હોત. !! એ તાકી રહી હતી કે પૂજાએ ફરીવાર કહ્યું: તમને માઁ કહ્યું છે.. હોં! અને એણે પૂજાને બાથમાં લીધી. ખબર નહીં પણ એક એવો ઊભરો આવ્યો જાણે પોતાની સગી દીકરી હોય !

આશ્રમમાં પૂજા જ રૂપાને સાથે લઈને ગઈ.અધૂરી કહાનીના પાના ફરીથી ખુલ્યા. માઈ પાસે રજા માંગી. જરૂરી કાગળોની વહિવટી વિધિ પુરી કરી.અને હરિદ્વારમાં મંદિરમાં જ આનંદ રૂપાએ એકબીજાને ફુલહાર કરીને જીવનસાથી બન્યા.

પાછલી રાત્રિના ગાઢ. અંધારામાં ત્રણ પડછાયા હરિદ્વાર-રેલ્વે- સ્ટેશનના રસ્તે ઓગળી રહ્યા હતા!

- ટ્રેન મંઝિલ તરફ દોડી રહી હતી અને આ બાજુ પરોઢ ફૂટું ફૂટું થઈ રહ્યું હતું.

- સમયનો કાંટો પચ્ચીસ વરસ પાછળ ચાલીને આગળ ચાલવા ગયો..

(સમાપ્ત)

# તમે પુરુષ થઈને આમ આટલા બધા ગભરાવ છો શું કામ ?



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

ખરું કહેવાય, સ્વપ્નામાં મંદિર અને આકાશનાં જ દર્શન કેમ થતાં હશે...? અને એમાં પણ બા... સાથે જ હોય! આખરે સ્વપ્નાં તો સ્વપ્નાં જ રહેવાના. આમ અંતે દામલભાઈના વિચારોનો અંત આવતો.

એક દિવસ અચાનક એક ઘટના ઘટી. વહેલી સવારમાં દામલભાઈના ડેલા પાસે એક કાર આવીને ઊભી રહી. દામલભાઈને સાત વાગે સ્કૂલે જવાનું હોવાથી તે તો રોજ રોજ વહેલો જ ઊઠતો. શાંતુ પણ સાથે જ ઊઠી જતી. અને આટલી વહેલી સવારે કારમાંથી એક વ્યક્તિ બહાર નીકળી, ડેલાને ખખડાવી..."દામલભાઈ..." ના નામની બૂમ પાડી. આ અવાજથી દામલભાઈ અને શાંતુ દ્વિધામાં આવ્યાં. દામલભાઈએ ઉતાવળે જઈ ડેલો ખોલ્યો. જરા બહાર નીકળ્યો તો ડેલા પાસે સફેદ કપડાંમાં એક વ્યક્તિને ઊભેલી જોઈ. એને જોતાં જ દામલભાઈ તરત ઓળખી ગયો. એ સજ્જન પુરુષ મનસુખભાઈ હતા. તેઓ કમળાપુરના સરપંચ હતા. આમ ઓળખતાની સાથે જ થોડું હસીને દામજીએ કહ્યું: "આવો, આવો, મનસુખભાઈ... અંદર આવો..."

"અત્યારે મારે અંદર નથી આવવું... મોડું થશે..." મનસુખભાઈ બોલ્યા.

"અરે... એમ કંઈ થોડું ચાલે... કેટલા સમયે તમે આવ્યા, ને આમ..." દામલભાઈએ આગ્રહ કર્યો. પરંતુ મનસુખભાઈ તરત જ બોલ્યા:

"દામલભાઈ તમે મારી વાત સાંભળો: હું તમને અને મારા બહેનને કમળાપુર લઈ જવા માટે જ આવ્યો છું. ઉતાવળ એટલે છે કે તમારા બા સમજુબાની તબિયત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. આપણે વહેલાસર કમળાપુર પહોંચવું જરૂરી છે. એક કામ કરો, તમે બે-પાંચ મિનિટમાં તૈયાર થઈને ઝડપથી બહાર નીકળો એટલે આપણે નીકળીએ..."

"બાની તબિયત ખૂબ જ ખરાબ છે..." બસ આ વાક્ય, આ શબ્દો સાંભળતાંની સાથે તો દામજીના હાથ-પગ પાણી પાણી થઈ ગયા. એનું હૈયું જાણે ભાંગી ગયું હતું. તેને અત્યારે જ બધું જ બધું ચક્કર વક્કર ફરવા લાગ્યું. તેને કંઈ પણ આગળ-પાછળ ન દેખાતા તે ડેલા પાસે જે એમને એમ ધારે કરતા બેસી ગયો. આવી દામજીની સ્થિતિ પારખી જઈ શાંતુ તરત જ તેની પાસે આવી, દામલભાઈનો હાથ પકડતાં બોલી:

"તમે પુરુષ થઈને આમ આટલા બધા ગભરાવ છો શું કામ? સરપંચ સાહેબ તો આપણને ઉતાવળે તેડવા માટે આવ્યા છે. બાની તબિયત ખૂબ ખરાબ છે તેની આટલી બધી ચિંતા શું કામ કરો છો? જે થવાનું હશે તે તો થઈને જ રહેશે. થોડા કઠણ થઈ જાવ, હિંમત રાખો. જો બાની તબિયત વધારે ખરાબ હશે અને એવું લાગશે તો આપણે તેને શહેરની સારી એવી હોસ્પિટલમાં લઈ જઈશું. એમાં શું...? પરંતુ જો તું જ આમ... આવી રીતે સાવ ઢીલો પડી જા તો પછી હું એકલી શું કરીશ...?"

શાંતુની વાત આમ તો સાવ સાચી હતી. જે પત્નીના આવા શબ્દોથી દામજી તેની આંખો લૂછી ને થોડો સ્વસ્થ થયો. ધીરેથી ઊભો થયો. પછી શાંતુ સામે જોઈ બોલ્યો: મહેશને ઉઠાડીને કહી દઈએ..., પછી આપણે બંને નીકળીએ.

આવું સાંભળી શાંતુ ઝડપથી ડેલા અંદર ગઈ અને સીધી જ મહેશના રૂમ પાસે પહોંચી ગઈ. રૂમનો દરવાજો જોરથી ખખડાવ્યો. એટલે ઝબકી થઈ, આંખો ચોળતાં ચોળતાં મહેશે રૂમનું બારણું ખોલ્યું. બારણું ખુલતાં જ શાંતુ ભાભીને સામે ઊભેલાં જોયાં. તેને જોઈને મહેશને ખૂબ જ આશ્ચર્ય થયું. એટલે તો તે તરત જ બોલ્યો: "અરે ભાભી..., તમે આટલાં વહેલાં...?"

"પહેલાં તું સાંભળ: કમળાપુરથી ગાડી લઈને સરપંચ મને ને દામલભાઈને લેવા માટે ડેલા બહાર ઊભા છે. ગામડે બા...ની તબિયત ખૂબ વધારે ખરાબ થઈ ગઈ છે. અમે નીકળીએ છીએ એટલે હવે ઘરનું ધ્યાન તારે રાખવાનું છે. બરાબર..." આટલું બોલી શાંતુ આવી હતી તેમ ઝડપથી પાછી દરવાજા તરફ ચાલી.

શાંતુ ભાભીનું આવું કહેવું સાંભળી નાઈટ ડ્રેસમાં જ મહેશ પણ તેમની પાછળ ઉઘાડા પગે ચાલ્યો આવ્યો. જોયું તો ડેલા બહાર ગાડી ઊભી હતી, દામલભાઈ સર તો સુનમૂન એક બાજુ ઊભા હતા, એટલે ત્યાં આગળ તેમની પાસે જઈને મહેશે કહ્યું: "સર..., તમે અહીંની જરાપણ ચિંતા કર્યા વગર બા પાસે પહોંચો. બા...ને કંઈ નહીં થાય. ઘરની ચિંતા જરાપણ કરવાની નથી. હું છું ને...!"

(ક્રમશ:)

# લગ્નમંડપની મુગ્ધતા દાંપત્યમાં આજીવન ટકે તો રંગ જામે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

કેટલી બધી ફિલ્મો એવી આવી કે જેમાં પ્રસન્ન દામ્પત્યની ઝલક હોય. ભારતીય સિનેમાએ અનેક આદર્શ અને સંઘર્ષમય યુગલોના ચરિત્રો બતાવ્યા છે. ફિલ્મો અને એના કથાનકની ચર્ચા કરો તો વરસોના વરસ લાગે...! પરંતુ દરેક ફિલ્મમાં પ્રેમની મીઠી મધુર ક્ષણોને ચિત્રાંકિત કરવામાં આવી હોય છે. સાહિત્યમાં પણ દંપતીના પારસ્પરિક સ્નેહની અભિવ્યક્તિમાં કવિઓ અને લેખકો જમાવટ કરે છે. વિખ્યાત હિન્દી નવલકથાકાર ગુલશન નંદા તો રોમેન્ટિક કથાનકોના મહાન સર્જક હતા. એમની પોકેટ બુક નવલકથાઓનો વિક્રમ આજ સુધી તૂટ્યો નથી. એમની નવલકથાની પાંચ - પાંચ લાખ નકલો છપાતી ને આખા હિન્દુસ્તાનમાં ફેલાઈ જતી.

એમની લોકપ્રિયતાનું પ્રમુખ કારણ એ છે કે માનવ સંબંધોમાં તેઓ પતિ-પત્નીના સંબંધને સર્વોચ્ચ માનતા અને એનું આલેખન ખૂબ નિરાંતે વિસ્તારપૂર્વક કરતા. ભારતીય વાંચકો ભારે જિજ્ઞાસાથી અને ઉજાગરા કરીને એ કથાઓ વાંચતા. માત્ર ગુલશન નંદા જ નહિ અનેક પ્રાચીન કથાઓ અને અર્વાચીન વાર્તાઓમાં દામ્પત્યને વિશિષ્ટ રીતે આલેખવામાં આવે છે. પરંતુ શું વાસ્તવિક જીવનમાં એમ હોય છે ? પતિ અને પત્નીની વાતોમાંથી જ ભવિષ્ય ઘડાતું હોય છે. બે પંખીનો એ વાતમેળો જો જામે નહિ તો પછી એમની વચ્ચે વૈચારિક ભેદની શરૂઆત થાય છે. એક વાત તો સ્પષ્ટ છે કે દરેક વ્યક્તિનું પોતાનું એક આગવું વિશ્વ હોય છે. કંઈ ચૉરીના ચાર ફેરા ફરવાથી રાતોરાત એ એક થઈ જતું નથી. થાય છે પણ એમાં સમય લાગે છે.

એક એફએમ રેડિયો ચેનલે દસેક દંપતીઓને એના સ્ટુડિયોમાં બોલાવ્યા હતા. દરેક પતિ-પત્ની વચ્ચે કાચની દીવાલ હતી. તેમણે પ્રશ્નો પૂછ્યા. બોલો તમારા પત્નીને ક્યો રંગ વધારે ગમે છે ? પતિએ કહ્યું કે ગુલાબી. એમના પત્નીને પૂછ્યું તો કહે કે જાંબલી. પત્નીને પૂછ્યું કે તમારા પતિને સૌથી વધુ શું ભાવે ? પત્નીએ જવાબ આપ્યો કે ગુલાબજાંબુ. પતિદેવને પૂછ્યું તો કહે કે મને તો દૂધપાક વધુ ભાવે. આવા બીજા પણ પ્રશ્નો પૂછ્યા. બધા જવાબ ખોટા ન હતા, કેટલાક સાચા પણ હતા. પરંતુ આ કાર્યક્રમે એ બતાવ્યું કે દરેક પરણિત વ્યક્તિનું પોતાના જીવનસાથી અંગે પણ ઘણું અજ્ઞાન હોય છે. આ અજ્ઞાન હકીકતે તો બન્ને વચ્ચેનું અંતર બતાવે છે. જિંદગીમાં ક્યારેક આ અંતર વધી જાય છે. જેને બુધ્ધિજીવી કહેવાય છે એવા સામાજિક પ્રાણીઓમાં તો આ અંતર વધતા વાર જ લાગતી નથી.

કોઈ પણ કામ વિના રજાનો દિવસ સાથે પસાર કરવો અને આનંદમાં રહેવું કે પાર વિનાની વાતો કરવી એ નવયુગલ માટે સહજ હોય છે. પરંતુ સંતાનોના જન્મ પછી સંપૂર્ણ સ્થિર અને પ્રતિષ્ઠાપિત થઈ ગયેલા દામ્પત્યમાં પણ નિયમિત રીતે સમય મેળવીને પતિ-પત્ની જો ગોઠડી કરતા રહે તો એ સ્વર્ગ જ છે. સર્વેક્ષણો બતાવે છે કે લગ્નના થોડાક જ વરસ પછી પતિ-પત્ની બાળકોના સંદર્ભમાં જ વાત કરતા હોય છે. તેઓ એકબીજાના સંદર્ભમાં વાત કરતા નથી. ક્રમશઃ સંતાનો મોટા થાય છે. સંતાનોની આડશમાં કેટલીક ગૃહિણીઓ ઘરમાં અઘરા પ્રશ્નો રજૂ કરે છે જે પતિદેવને સંકટમાં મૂકે છે. આગળ જતાં એ જ સંતાનોની મદદથી ગૃહિણી એવા સંયોગો ઊભા કરે છે કે ઘરમાં ગૃહસ્થે અપમાનજનક સ્થિતિમાંથી પસાર થવાનું રહે છે.

જે ઘરમાં પિતા-પુત્ર વચ્ચે સકારાત્મક સંબંધ હોય, સ્નેહ હોય અને એકબીજા પ્રત્યે સન્માન હોય તો એ ઘરની ગૃહિણી વંદનીય છે. કારણ કે એ તો સ્ત્રીની જ કમાલ હોય છે જે પોતાના ઘરમાં ધમાલ થવા તરફ વહાણને હંકારતી નથી. ઓફિસ કે ઉદ્યોગનું સુકાન પુરુષના હાથમાં ભલે હોય, ઘરનું સુકાન સ્ત્રીઓના હાથમાં જ હોય છે. આપણો સમાજ બહારથી ભલે પુરુષપ્રધાન સમાજ કહેવાતો હોય, ઘરની શાંતિ કે અશાંતિના કેન્દ્રમાં તો સ્ત્રી જ હોય છે.

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# વિ.હિ.પ અમરેલી નગર દુર્ગા વાહિની દ્વારા ભવ્ય રાસ-ગરબા યોજાયા

અમરેલી,તા.૦૧

અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ નગરની દુર્ગા વાહિની દ્વારા જયા પાર્વતી જાગરણ નિમિત્તે ભવ્ય રાસ-ગરબા અને વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ભાવ "આપણી બહેન-દીકરીઓ, આપણે આંગણે" રહ્યો હતો. આ પ્રસંગે માતૃશક્તિના સન્માન, સુરક્ષા અને ભારતીય સાંસ્કૃતિક સંસ્કારોના જતનનો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં બહેનો અને નાગરિકોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન બહેનોએ મણિયારો, પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા, શૌર્ય રાસ, શક્તિ પ્રદર્શન, વેશભૂષા સ્પર્ધા અને તાળી રાસ જેવી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા પ્રમુખ વિજયભાઈ દેસાઈ, જિલ્લા મંત્રી ઈતેશભાઈ મહેતા, વિધા સભા ડાયરેક્ટર ચતુરભાઈ ખૂંટ, વસંતભાઈ પેથાણી તેમજ સુરતથી પધારેલ હસ્તીબેન લાખાણી, આયુષીબેન મહેતા, ભાવનાબેન ભટ્ટ, તુલસીબેન લેઉવા





અને અક્ષતાબેન કાલેએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી.સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર મંત્રી પંકજભાઈ કાનાણી, દુર્ગા વાહિની સંયોજિકા ગોપીબેન ચાવડા, સહ-સંયોજિકા હિરલબા વાળા તથા વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગરની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ ભાવનગર વિભાગ માતૃ શક્તિ સંયોજિકા રમીલાબેન પટોળીયા, વિભાગ પ્રચાર પ્રમુખ રશ્મિનભાઈ ત્રિવેદી, જિલ્લા નિધિ



પ્રકોપ પ્રમુખ મનુભાઈ અસલાલીયા, જિલ્લા બજરંગ દળ સહ-સંયોજક કરણભાઈ વાજા, ભાર્ગવભાઈ માવાણી, માધવભાઈ ભટ્ટ, કૃણાલભાઈ જોષી, આર્યનભાઈ ભુવા, આર્યનભાઈ માધવ, ભવ્યભાઈ સવાણી, દર્શનભાઈ ઠુંમર, કૃણાલભાઈ ભુવા, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી પૂર્વ નગર મંત્રી સંજયભાઈ પંડ્યા, વિદુરભાઈ ડાબસરા, વિશાલભાઈ ઠાકર,કેતનભાઈ મહેતા, આરતીબેન અટારા, છાયાબેન ગેડીયા, નિકુબેન પંડ્યા, પ્રવિણાબેન રાઠોડ તેમજ વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના મહાનુભાવો સહિત બહોળી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા માટે રવિભાઈ પંડ્યા, ભોજરાજભાઈ વાળા, પ્રશાંતભાઈ ચુડાસમા, લાલજીભાઈ ચાવડા, નીરજભાઈ ખૂબચંદાણી, કુલદીપભાઈ વાળા, પ્રશાંતભાઈ પરમાર, આશિષભાઈ જોષી (ગોર), યુવરાજભાઈ રાજગોર, હીરવાબેન મકવાણા તથા પાયલબેન રાજ્યગુરુએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓ માટે આકર્ષક ઈનામમાં નીલકંઠ જ્વેલર્સ, બાલમુકુન્દ જ્વેલર્સ, શ્રી જ્વેલર્સ, મધુવન જ્વેલર્સ, વ્રજ જ્વેલર્સ, શીતલ આઈસ્ક્રીમ, રામ એન્ટરપ્રાઈઝ, સૂર્યા ઢોસા, ધ ગ્રાન્ડ સૂર્યા, **Z Max Enterprise, Aero Dyne Cafe & Roastery, Melilla Raw Honey** તથા અક્ષર મોબાઈલ સહિતના સહયોગીઓએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લાના કોષાધ્યક્ષ ડો. પંકજભાઈ ત્રિવેદીએ કર્યું હતું.

## ઉનાના આમોદ્રા ગામે એક જ પિંજરામાં બે દીપડા ઝડપાયા

ઉના,તા.૦૧



ધારીના જસાધાર રેન્જના નવા બંદર રાઉન્ડ હેઠળ આવેલા આમોદ્રા ગામે ભાવેશભાઈ ગોવિંદભાઈ પરમારની વાડી વિસ્તારમાંથી એક જ પિંજરામાં બે દીપડા પાંજરે પુરાયા હતા. દીપડાના રંજાડ અંગે ફરિયાદ મળતા વન વિભાગે તાત્કાલિક પિંજરું ગોઠવ્યું હતું. આજે વહેલી સવારે બંને દીપડા ઝડપાતા ગ્રામજનોમાં રાહત ફેલાઈ હતી. પકડાયેલા દીપડાઓને આરોગ્ય તપાસ અને નિરીક્ષણ માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા છે.

## પીએમ કિસાન સન્માન નિધિ યોજના વધુ પાંચ વર્ષ સુધી યથાવત રહેશે

**પ્રદેશ કિસાન મોરચાએ કેન્દ્ર સરકારના નિર્ણયને આવકાર્યો**

અમરેલી,તા.૦૧

ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચાએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાને વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ સુધી વધુ પાંચ વર્ષ માટે ચાલુ રાખવાના કેન્દ્ર સરકારના નિર્ણયને આવકાર્યો છે. યોજનાના અમલ માટે રૂ. ૩.૧૫ લાખ કરોડની ફાળવણી મંજૂર કરવામાં આવી છે. પાત્ર ખેડૂત પરિવારોને દર વર્ષે રૂ. ૬ હજારની સહાય ત્રણ સમાન હપ્તામાં ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર દ્વારા તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેન



હિરપરાએ જણાવ્યું કે આ નિર્ણય ખેડૂતો પ્રત્યે સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે. તેમણે કહ્યું કે ગુજરાતના અંદાજે ૫૧.૨૮ લાખ ખેડૂત પરિવારોને યોજનાનો લાભ મળી રહ્યો છે અને આગામી વર્ષોમાં પણ ખેતી માટે જરૂરી આર્થિક સહાય મળતી રહેશે. દેશના ૯.૪૯ કરોડથી વધુ પાત્ર ખેડૂતોને યોજનાનો લાભ મળતો રહેશે. મોરચાએ જણાવ્યું કે આ નિર્ણય ખેડૂતોની આવક સુરક્ષા, કૃષિ રોકાણ અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

## વિજપડીમાં સિપાઈ જમાતના પ્રમુખ પદે સીનીયર પત્રકાર દાદુભાઈ બેલીમની બિનહરીફ વરણી

વિજપડી,તા.૦૧

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે યોજાયેલી સિપાઈ જમાતની જનરલ મીટિંગમાં ગ્રામ પંચાયતમાં ત્રણ ટર્મથી સેવા આપતા સીનીયર પત્રકાર દાદુભાઈ બેલીમની પ્રમુખ પદે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે સિપાઈ જમાતની જનરલ મીટિંગ યોજવામાં આવી હતી. આ મીટિંગમાં આ વરણી થતાં સિપાઈ સમાજ ઉપરાંત અન્ય



સમાજના અગ્રણીઓએ પણ દાદુભાઈ બેલીમને મુબારકબાદી પાઠવી હતી. તેઓ વિજપડી સુન્નિ મુસ્લિમ જમાતના ટ્રસ્ટી તરીકે પણ છેલ્લા ૨૫ વર્ષથી સતત પોતાની સેવાઓ આપી રહ્યા છે.

## અમરેલીના કે.કે. પાર્ક અને રોયલ પાર્ક પાસે પાણી ભરાતા સ્થાનિકોને હાલાકી

**રોગચાળાની ભીતિ વચ્ચે વિસ્તારવાસીઓ પાણીમાં ચાલવા મજબૂર**

અમરેલી,તા.૦૧

અમરેલીના લાઠી રોડ પર આવેલા કે કે પાર્ક તથા રોયલ પાર્ક વિસ્તાર પાસે વરસાદી પાણી ભરાઈ જતાં સ્થાનિક રહેવાસીઓ મુશ્કેલીમાં મુકાયા છે. લાંબા સમયથી પાણીનો



નિકાલ ન થતાં વિસ્તારમાં ગંદકી ફેલાઈ રહી છે, જેના કારણે રોગચાળો ફેલાવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. પાણી ભરાવાના કારણે રાહદારીઓ, વાહનચાલકો તેમજ આસપાસના રહેવાસીઓને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને મોટી ઉંમરના લોકો અને નાના બાળકો માટે રસ્તા પર ચાલવું જોખમી બન્યું છે અને અકસ્માત થવાની પણ આશંકા વધી છે. સ્થાનિકોએ તાત્કાલિક પાણીના નિકાલની વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

## જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓએ ગોળીબાર કરતા છત્તીસગઢના બે શ્રમિકોના મોત

નવી દિલ્હી,તા.૦૧

જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લાના કેલમ વિસ્તારમાં આતંકવાદીઓએ ઈંટના ભઠ્ઠા પર કામ કરતા સ્થળાંતરિત મજૂરોને નિશાન બનાવી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ કાયરતાપૂર્ણ હુમલામાં છત્તીસગઢના રહેવાસી ૨૪ વર્ષીય દીપક રાત્રે અને ૨૮ વર્ષીય ભૂપેન્દ્ર કુમાર નામના બે કામદારોના મોત નિપજ્યા છે.



છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ આ ઘટના અંગે ઊંડું દુઃખ વ્યક્ત કરી પીડિત પરિવારોને તમામ શક્ય મદદની ખાતરી આપી છે. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના પ્રોક્સી ગ્રુપ 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (TRF) એ સ્વીકારી છે. ખીણમાં ભયનું વાતાવરણ ઊભું કરવા અને સ્થાનિક અર્થતંત્રને નુકસાન પહોંચાડવાના આશયથી આ સોફ્ટ ટાર્ગેટ્સને નિશાન બનાવવામાં આવ્યા છે. ઘટના બાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને ઘેરાબંધી અને વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

## કોડીનારમાં વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો, રૂ. ૧૪,૭૨૦નો મુદ્દામાલ જપ્ત

કોડીનાર,તા.૦૧

કોડીનારમાં પોલીસે વરલી મટકાનો જુગાર રમાડતા એક શખ્સને ઝડપી પાડ્યો છે.

પોલીસે આરોપી પાસેથી રોકડ રકમ સહિત કુલ રૂ ૧૪,૭૨૦નો મુદ્દામાલ કબ્જે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કોડીનાર પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી બાતમીના આધારે બોડકી વિસ્તાર ખાતે શિંગોડા નદીના કિનારે દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં જાહેર સ્થળે વરલી મટકાનો જુગાર રમાડતા સમીરભાઈ રહીમભાઈ આગા (ઉ.વ. ૩૦), રહે. વિરાટનગર, કોડીનારને ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે તેની



પાસેથી ૧૪,૭૨૦ની રોકડ રકમ, જુગાર રમવાના સાધનો કબ્જે કર્યા હતા.

## દામનગર નાગરિક શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

દામનગર, તા.૦૧

દામનગરમાં દામનગર નાગરિક શરાફી સહકારી મંડળીની ૨૯મી વાર્ષિક સાધારણ સભા સ્થાપક ચેરમેન હરજીભાઈ નારોલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. ૩૨૩૨ સભાસદો ધરાવતી આ મંડળીનું કુલ ધિરાણ રૂ. ૭૯૩ લાખ અને થાપણો રૂ. ૪૧૬ લાખ છે. મંડળીએ ગત વર્ષે રૂ. ૭૩ લાખનો ચોખ્ખો નફો કર્યો છે અને સ્થાપના કાળથી જ ઓડિટ વર્ગ 'અ' મેળવે છે. મંડળીનું એનપીએ શૂન્ય છે. સભાસદોને ૧૦% ડીવિડન્ડ આપવાની જાહેરાત કરાતા આનંદ છવાયો હતો. સભાસદના આકસ્મિક મૃત્યુ પર સ્વભંડોળમાંથી રૂ. ૫૦ હજારની સહાય અપાય છે. વાઈસ ચેરમેન વસંતભાઈ મોણપરાએ સ્વાગત પ્રવચન અને મેનેજર દિનેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી. સભામાં મોટી સંખ્યામાં સભાસદો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતમાં પટેલ સેવા સમાજ દ્વારા ૧૭૦મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ યોજાયો

**કાનજીભાઈ ભાલાળા; CISFમાં પસંદગી પામેલ કૃતિ કોટડીયાનું અભિવાદન કરાયું**

સુરત,તા.૦૧

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા આયોજિત ૧૭૦ માં 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ




જણાવ્યું કે ભય, ક્રોધ, ચિંતા અને અહંકાર જેવી શાશ્વત સમસ્યાઓનો ખરો ઉકેલ મનને પરમ આનંદમાં રાખવું તે છે. નિજાનંદમાં રહેવા માટે તેમણે હંમેશા ખુશ રહેવું, સમત્વ ભાવ, સાક્ષી ભાવ, સમર્પણ સેવા ભાવ અને મૌન રહેવું જેવા પંચામૃત આપ્યા હતા. આ પ્રસંગે નિવૃત આચાર્ય અને લેખક ડૉ. બાલુભાઈ શેલડીયાએ ભગવદ્ ગીતાને જગતનું શ્રેષ્ઠ મનોવિજ્ઞાન અને શ્રીકૃષ્ણને સર્વશ્રેષ્ઠ મનોવૈજ્ઞાનિક ગણાવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન CISFમાં પસંદગી પામેલ કાલાવડના ખાન ખોરડા ગામની ખેડૂતની દીકરી કુ. કૃતિ વિનોદભાઈ કોટડીયાનું સન્માન કરવામાં આવ્યું હતું, જે આ વર્ષે પસંદગી પામેલ ગુજરાતની માત્ર ત્રણ દીકરીઓમાંની એક છે. આ કાર્યક્રમનું સંકલન હાર્દિક ચાંચડ અને અંકિત સુરાણીએ કર્યું હતું.

## અમરેલીમાં મિલકત સંબંધી ગુનામાં સંડોવાયેલા ઈસમની પાસા હેઠળ અટકાયત કરી મહેસાણા જેલ મોકલાયો

અમરેલી,તા.૦૧

અમરેલીમાં અસામાજિક પ્રવૃત્તિઓ અને મિલકત સંબંધી ગુના આચરતા ઈસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવા આપેલી સૂચના અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સપેક્ટર સી.પી. વાઘેલા દ્વારા મિલકત સંબંધી ગુનામાં સંડોવાયેલા ઈસમ વિરુધ્ધ પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી હતી. આ દરખાસ્ત અન્વયે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે મંજૂરી આપતા



અમરેલીના રોકડીયાપરા ખાતે રહેતા ૨૪ વર્ષીય ચિરાગભાઈ કરમશીભાઈ પરમાર વિરુધ્ધ પાસા વોરંટની બજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ એલ.સી.બી. દ્વારા આ ઈસમની અટકાયત કરી તેને મહેસાણા જિલ્લા જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

**-// જાહેર નોટીસ //-**

ફો.પ.અ.નં.૯૯/૨૦૨૬

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી. સી કોટડીયા રહે.લાઠી

અરજદાર :- ડોબરીયા ગોરધનભાઈ રવજીભાઈ, ઉ.વ.૫૫, ધંધો: ખેતીકામ, ધર્મે:હિન્દુ/પટેલ, રહે.માલવીયા પીપરીયા, તા.લાઠી, જી.અમરેલી

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધીકારી ત.ક.મ. માલવીયા પીપરીયા ગ્રામ પંચાયત**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે માલવીયા પીપરીયા ગામ ના રહેવાસી છે. અરજદારની પુત્રી **ડોબરીયા નીલમબેન ગોરધનભાઈ**ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની પુત્રી **ડોબરીયા નીલમબેન ગોરધનભાઈ**નો જન્મ જે તે સમયે માલવીયા પીપરીયા મુકામે જન્મ તારીખ-**૨૦/૦૫/૧૯૯૬** ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદ્દત તારીખ-૨૦/૮/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું. તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ : લાઠી** — **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**તારીખ : ૨૭/૦૭/૨૦૨૬** — **મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**

**-// જાહેર નોટીસ //-**

ફો.પ.અ.નં.૧૦૧/૨૦૨૬

**મહે. શ્રી લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. લાઠી**

અરજદાર તર્ફે વિ.વ. શ્રી જી. સી કોટડીયા રહે.લાઠી

અરજદાર :- મકવાણા મુળજીભાઈ દેવાભાઈ ઉ.વ.૬૫, ધંધો:મજુરી હિન્દુ/ ત.કોળી રહે. મતીરાળા, તા.લાઠી, જી.અમરેલી

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી ત.ક.મ. અધીકારી મતીરાળા ગ્રામ પંચાયત કચેરી**

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર પોતે મતીરાળા ગામ ના રહેવાસી છે. અરજદારના પુત્ર **મકવાણા જગદીશકુમાર મુળજીભાઈ**ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારના પુત્ર **મકવાણા જગદીશકુમાર મુળજીભાઈ**નો જન્મ જે તે સમયે મતીરાળા મુકામે જન્મ તારીખ-**૨૧/૧૧/૧૯૮૮** ના રોજ થયેલ છે જે અંગેની જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોય તેમણે મુદ્દત તારીખ-૨૦/૮/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવાર/બપોરના ૩:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું. તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ : લાઠી** — **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા**
**તારીખ : ૨૭/૦૭/૨૦૨૬** — **મેજીસ્ટ્રેટ સાહેબ કચેરી**

**CHANGE OF NAME**


I Undersing I KAPADIYA SAKINABEN AMIRBHAI have changed my name from KAPADIA SAKINABAI AMIR To KAPADIYA SAKINABEN AMIRBHAI (New) Now i will be known as KAPADIYA SAKINABEN AMIRBHAI (new)
Sing : KAPADIYA SAKINABEN AMIRBHAI
Address:JANJARIYA ROAD,NADI PARA, AT-BAGSARA,DIST-AMRELI-365440

ક્યારેક ધીમીધારે તો ક્યારેક જોરદાર વરસાદ વરસતા માર્ગો પર પાણી ભરાયા

# અમરેલી જિલ્લામાં સચરાચર વરસાદ, બાબરામાં પાંચ ઈંચ ખાબક્યો

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લામાં વાતાવરણમાં અચાનક પલટો આવતા અનેક વિસ્તારોમાં ધીમાધારે વરસાદ શરૂ થયો છે. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે અને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.લાંબા સમય બાદ પડેલા આ વરસાદથી ઉભા પાકને ફાયદો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. અમરેલી શહેરમાં થોડા વરસાદે પણ રાબેતા મુજબ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલી પડી હતી. કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ છે, જોકે ધીમા વરસાદના કારણે મોટાભાગનું પાણી જમીનમાં ઉતરી રહ્યું છે. અમરેલી પંથકમાં પણ વરસાદ વરસતા ખેતરોમાં પાણી ભરાયા હતા.બગસરા,સાવરકુંડલા, રાજુલા, ખાંભા, લાઠી,વડિયા-કુંકાવાવ પંથકમાં પણ મેઘરાજાએ હેત વરસાવ્યુ છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં વરસાદનું પ્રમાણ વધુ રહેવાની શક્યતા છે. તેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં



આવી છે. ખાસ કરીને નદી-નાળા, કોઝવે અને નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા, બિનજરૂરી અવરજવર ન કરવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. બીજી તરફ બાબરા પંથકમાં પણ મેઘરાજાએ જોરદાર મહેર વરસાવી છે. બાબરા શહેર તેમજ તાલુકાના અનેક ગામોમાં ગઈકાલે સાંજે શરૂ થયેલો વરસાદ સતત ચાલુ રહ્યો છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અંદાજે પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાતા નદી-નાળા છલકાઈ ઉઠ્યા છે. જેના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. જિલ્લામાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તંત્ર સાબદુ રહ્યું હતું.વરસાદથી સમગ્ર વિસ્તારમાં હરિયાળી છવાઈ ગઈ છે અને ખેડૂતોમાં સારા પાકની આશા વધુ મજબૂત બની છે.

### નાના લીલીયામાં શેડ ધરાશાયી થતા ટ્રેક્ટરનો કચ્ચરઘાણ

લીલીયા તાલુકાના નાના લીલીયા ગામમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે એક શેડ અચાનક ધરાશાયી થયો હતો. શેડ નીચે ઉભેલું મીની ટ્રેક્ટર કાટમાળ નીચે દબાઈ ગયું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. સદનસીબે આ અકસ્માત સમયે ત્યાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાથી ગામમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

## રાજયમાં મેડિકલ અને ડેન્ટલ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

અમદાવાદ,તા.૦૧

રાજ્યમાં ધોરણ-૧૨ સાયન્સ બાદ મેડિકલ (MBBS) અને ડેન્ટલ (BDS) કોર્સમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયાનો સત્તાવાર પ્રારંભ થયો છે. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અંડરગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશનલ કોર્સીસ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રથમ વર્ષની બેઠકો પર પ્રવેશ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેના અનુસંધાને ઓનલાઈન PIN ખરીદી, રજિસ્ટ્રેશન તેમજ જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓને નિર્ધારિત સમયમર્યાદામાં તમામ કાર્યવાહી પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રહેશે અને નિયમો મુજબ મેરિટના આધારે બેઠકોનું ફાળવણી કરવામાં આવશે. વિદ્યાર્થીઓને જરૂરી માહિતી અને સૂચનાઓનું પાલન કરીને સમયસર અરજી કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અદાણી CNGના ભાવમાં ફરી ૪ રૂપિયાનો વધારો, પ્રતિ કિલો ભાવ ૯૪.૦૨ રૂપિયા પહોંચ્યો

અમદાવાદ,તા.૦૧

ઑગસ્ટ મહિનાની શરૂઆત સાથે જ અદાણી કંપનીએ CNGના ભાવમાં ફરી વધારો જાહેર કર્યો છે. કંપની દ્વારા પ્રતિ કિલોએ ૪ રૂપિયાનો વધારો કરવામાં આવતા હવે CNGનો નવો ભાવ ૯૪.૦૨ રૂપિયા પ્રતિ કિલો થયો છે. એક જ વખતમાં નોંધપાત્ર ભાવ વધારો



થતાં CNGનો ઉપયોગ કરતા રિક્ષાચાલકો, ટેક્સી ચાલકો તેમજ ખાનગી વાહનચાલકો પર સીધી આર્થિક અસર જોવા મળી રહી છે. અગાઉ પણ અનેક વખત ભાવમાં વધારો થતાં વાહનચાલકોને વધતા ઈંધણ ખર્ચનો સામનો કરવો પડ્યો છે. નોંધનીય છે કે ૧૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ પણ અદાણી કંપનીએ પ્રતિ કિલોએ ૨ રૂપિયાનો વધારો કર્યો હતો. આમ માત્ર ૧૨ દિવસના ટૂંકા ગાળામાં બીજી વખત CNGના ભાવમાં વધારો નોંધાયો છે. સતત વધી રહેલા ભાવને કારણે પરિવહન ખર્ચમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, જેના કારણે સામાન્ય મુસાફરો પર પણ તેની અસર પડી શકે છે. વાહનચાલકોમાં આ નિર્ણયને લઈને અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

## સોમનાથ મંદિર નીચે બૌધ્ધ ગુફાના દાવાની અરજી હાઈકોર્ટે ફગાવી

સોમનાથ,તા.૦૧



સોમનાથ મંદિર નીચે બૌધ્ધ ગુફાઓ હોવાનો દાવો કરતી રિવ્યૂ અરજીને પણ ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. મહારાષ્ટ્રના ડો. વિલાસ તુકારામ ખરાટે દ્વારા ૨૦૧૭ના આઈઆઈટી ગાંધીનગરના કથિત સર્વેના આધારે દાખલ કરાયેલી મૂળ જાહેર હિતની અરજીને હાઈકોર્ટે પૂરતા પુરાવાના અભાવે ૨ લાખના દંડ સાથે ફગાવી દીધી હતી. રિવ્યૂ અરજી પણ ના મંજૂર થતાં અરજદાર હવે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારી કરી રહ્યા છે.

## સુરતના અંબિકામાં સૌથી વધુ ૨૪ ઈંચ વરસાદ ખાબક્યો, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં જળબંબાકાર

સુરત,તા.૦૧

રાજ્યભરમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને ધૂંઆધાર બેટિંગ કરી છે, જેના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૫ તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સુરતના અંબિકા તાલુકામાં ૨૪ ઈંચ (૫૯૫ મિમી) વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત તાપીના ડોલવણમાં ૧૭ ઈંચ, ખેડાના વસો અને નવસારીના વાંસદામાં



૧૬.૫ ઈંચ તથા સુરતના ઉમરપાડામાં ૧૫ ઈંચ વરસાદ થયો છે.

ભારે વરસાદથી રાજ્યમાં સિઝનનો કુલ વરસાદ ૬૪.૭૬ ટકા પહોંચ્યો છે, જેમાં દક્ષિણ ગુજરાતમાં રેકોર્ડબ્રેક ૯૧.૩૫ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. સરદાર સરોવર ડેમ ૭૪.૪૬ ટકા ભરાયો છે, જ્યારે રાજ્યના ૨૨ ડેમ હાઈ એલર્ટ પર મુકાયા છે. નવસારીમાં પૂર્ણા નદી ભયજનક સપાટી વટાવતાં શહેરનો ૩૦ ટકા ભાગ પાણીમાં ગરકાવ થયો હતો, પરંતુ હવે વરસાદ ધીમો પડતાં પાણી ઓસરવા લાગ્યા છે. વરસાદના કારણે રાજ્યમાં ૧૯૩ બસ રૂટ અને અનેક રસ્તાઓ પ્રભાવિત થયા છે.

## પેપર લીક કરનારાઓ સામે કડક કાયદો, 'મેરિટ ફર્સ્ટ' પર રાજય સરકારનો ભાર

ગાંધીનગર,તા.૦૧

સંસદમાં જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ અટકાવવા માટેનું જાહેર પરીક્ષાઓ (સુધારા) વિધેયક-૨૦૨૬ પસાર થતાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેનું હાર્દિક સ્વાગત કર્યું છે. તેમણે આ કાયદાને દેશના કરોડો યુવાનોના ભવિષ્યને સુરક્ષિત કરતું ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે



મહેનત કરીને પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ન્યાય મળે અને મેરિટના આધારે દરેકને સમાન તક પ્રાપ્ત થાય તે માટે પારદર્શક અને વિશ્વસનીય પરીક્ષા પ્રણાલી અનિવાર્ય છે.

નવા કાયદા હેઠળ પેપર લીક કરનારા માફિયાઓ અને ગેરરીતિ આચરનારાઓ સામે આકરી સજા, ભારે દંડ અને ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા ઝડપી કાનૂની કાર્યવાહી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત અદ્યતન ટેક્નોલોજી આધારિત સુરક્ષા વ્યવસ્થા અમલમાં મૂકવાથી પ્રશ્નપત્રોની સુરક્ષા વધુ મજબૂત બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની સરાહના કરતાં મુખ્યમંત્રીએ ઉમેર્યું કે ગુજરાત સરકાર પણ 'મેરિટ ફર્સ્ટ'ના સિધ્ધાંત માટે સંપૂર્ણ રીતે પ્રતિબધ્ધ છે અને રાજ્યની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પારદર્શિતા જાળવવા સતત કડક પગલાં ભરી રહી છે.

## સૌરાષ્ટ્રમાં મેઘમહેર : સુરેન્દ્રનગરમાં ચેકડેમ તૂટ્યો, મોરબી-રાજકોટમાં જળબંબાકાર

સુરેન્દ્રનગર,તા.૦૧

દક્ષિણ ગુજરાત બાદ હવે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદે વિરામ વગર બેટિંગ શરૂ કરી છે. સુરેન્દ્રનગર, મોરબી અને રાજકોટ જિલ્લામાં અવિરત વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સુરેન્દ્રનગરના ચુડામાં ભારે વરસાદને પગલે ઝીંઝાવદર ચેકડેમનો પાળો તૂટતાં આસપાસના ખેતરો પાણીમાં ગરકાવ થયા છે. ગોખરવાડા, સમલા,



દેદાદરા અને ઈગરોડી જેવા ગામો સંપર્કવિહોણા બન્યા છે. દેદાદરા ગામમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં તંત્ર દ્વારા ૧૦૦થી વધુ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. હોટલ અંડરબ્રિજમાં ચારથી પાંચ ફૂટ પાણી ભરાતાં વાહનવ્યવહાર બંધ કરી દેવાયો છે.

## જુલાઈમાં રાજય સરકારની તિજોરીમાં ૧૨,૫૬૬ કરોડ રૂપિયાની આવક નોંધાઈ

ગાંધીનગર,તા.૦૧

જુલાઈ ૨૦૨૬ દરમિયાન ગુજરાત સરકારને વિવિધ કરવેરામાંથી કુલ ૧૨,૫૬૬ કરોડ રૂપિયાની આવક થતાં રાજ્યની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બની છે. રાજ્યને માત્ર જીએસટીમાંથી ૮,૪૧૮ કરોડ રૂપિયાની આવક મળી છે, જે સૌથી મોટો હિસ્સો છે. ઉપરાંત વેટમાંથી ૩,૧૦૫ કરોડ રૂપિયા, વિદ્યુત શુલ્કમાંથી ૧,૦૨૦ કરોડ રૂપિયા અને વ્યવસાય વેરામાંથી ૨૩ કરોડ રૂપિયાની આવક થઈ છે. તમામ કરવેરાની આવકને મળીને રાજ્ય સરકારને જુલાઈ મહિનામાં જંગી મહેસૂલ પ્રાપ્ત થયું છે. આ વધારાની આવકના આધારે આગામી સમયમાં વિકાસલક્ષી યોજનાઓ, માળખાકીય સુવિધાઓ અને જનકલ્યાણના વિવિધ કાર્યોને વધુ ગતિ મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## પતિનો સ્વેચ્છાએ ત્યાગ કરનાર પત્ની ભરણપોષણની હકદાર નહીં : ફેમિલી કોર્ટ

અમદાવાદ,તા.૦૧

અમદાવાદ ફેમિલી કોર્ટે ભરણપોષણ સંબંધિત કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપતાં સ્પષ્ટ કર્યું છે કે, કોઈ વાજબી કે કાયદેસર કારણ વિના સ્વેચ્છાએ પતિનો ત્યાગ કરીને અલગ રહેતી પત્ની ભરણપોષણ મેળવવા માટે હકદાર નથી. આ કેસમાં લગ્ન બાદ મુંબઈ રહેતી પત્ની સામાન્ય ઘરેલુ મતભેદને



કારણે અમદાવાદ માતા-પિતાના ઘરે આવી ગઈ હતી અને ભરણપોષણની માંગ કરી હતી.

કોર્ટે કલમ ૧૨૫(૪)નો સંદર્ભ આપતાં નોંધ્યું કે પત્ની પાસે અલગ રહેવા માટે ગંભીર શારીરિક હિંસા કે દહેજ ઉત્પીડન જેવું કાયદેસર કારણ સાબિત થયું નથી.જેથી તેમના લગ્નજીવનના સામાન્ય મતભેદો અલગ રહેવા માટે પૂરતો આધાર બની શકતા નથી. એડવોકેટના જણાવ્યા મુજબ, આ ચુકાદો ભવિષ્યના કેસોમાં માર્ગદર્શક બની રહેશે.






## સુરતના વરાછામાં દેણુ થઈ જતા માતાની હત્યા કર્યા બાદ દત્તક પુત્રનો આપઘાત

સુરત,તા.૦૧

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી રૂપમ સોસાયટીમાં એક ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. એ.કે. રોડ પર રહેતા ૩૬ વર્ષીય જતીન સોનાણીએ શેરબજારમાં અંદાજે રૂ. ૪૦થી ૫૦ લાખનું દેવું થઈ જતા પોતાની ૬૩ વર્ષીય માતા ભાનુબેનની ગળે ટૂંપો આપી હત્યા કરી હતી. માતાની હત્યા કર્યા બાદ જતીને પોતે પણ ગળાફાંસો



ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. જતીને થોડા મહિના પહેલા જ સ્ટેશનરીની નોકરી છોડી શેરબજાર સંબંધિત પોતાની ઓફિસ શરૂ કરી હતી. બાળપણમાં તેને દત્તક લેવામાં આવ્યો હતો અને વર્ષ ૨૦૧૪માં પિતાના અવસાન બાદ માતા સાથે રહેતો હતો. ઘટનાના એક દિવસ પહેલા સુધી બંને સામાન્ય રીતે પડોશીઓ સાથે વાતચીત કરતા જોવા મળ્યા હતા. અચાનક બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક અને અરેરાટીનો માહોલ ફેલાયો છે.